# સંવર અધિકાર



## કળશ ૧૨૫

ઉત્થાનિકા:- પૂજ્ય ટીકાકાર આચાર્યભગવાન કહે છે 'હવે સંવર પ્રવેશ કરે છે.' આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

• ત્યાં પૂજ્ય ના ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે:-

કળશ: (હરિગીત)

અનાદિના સંવરજયી ગર્વિત આસ્રવભાવને
તિરસ્કૃત કરી, વિજયી થઈ સંવર નાથ ઉપજાવતી
કરતી થતી, આ જ્ઞાન જ્યોતિ જાગી ચિન્મય ને વળી
પરથી જુદી, ઉજ્જ્વળ અહો! પરિપૂર્ણ નિજરસભારથી. ૧૨૫.

શ્લોકાર્થ: અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી એકાન્ત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી, પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી), પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, ચિન્મય, ઉજ્જ્વળ (નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી-અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે.

ભાવાર્થ:- અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે. તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે.

સારાંશ:- • કળશોમાં પણ ઉપર ટીકાઓ કરી પણ આ [સંવર અધિકારની] ટીકા કરતા પહેલાં 'ૐ નમઃ' લખ્યું છે. 'સંવર અધિકાર' અલૌકિક છે, જે અંતર [illegible].

• "અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી એકાન્ત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ": જે મોટા માંધાતા, સાધુ નામ ધરાવનારા, અગિયાર અંગના જાણનાર, પંચ મહાવ્રતના પાળનાર એવાને પણ પાડ્યા છે. આસ્રવ છે એમાં એને પુણ્ય છે. એ આસ્રવ છે. મારા [illegible] કોઈને નીકળવા નહિ દીધા - એવો અહંકાર આસ્રવને થયો [છે].

• "તેનો તિરસ્કાર કરવાથી જેણે સદાય વિજય મેળવ્યો છે એવા સંવરને":
~~આસ્રવો (અહંકારે) ના [illegible] અનાદિકાળથી [illegible] (સંવરે) [illegible] વિજય (મેળવ્યો)~~
તેનો અને આત્મા (સંવરે) ના સદાય વિજય મેળવ્યો છે. એનો હવે સદાય વિજય રહેવાનો. એ સંવર હવે આસ્રવ થવાના નહિ, સંવરથી પડવાના નહિ-એમ કહે છે. જીતેલો થયું તે જીતેલો સદા અનંત રહેવાનું.

• "એવા સંવરને ઉત્પન્ન કરતી, પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના

(નિમિત્ત કોઈ (ભલેને ભૂંડી)," : ઈશ્વરને કોઈના વડે સૌન્દર્યબોધ ઉત્પન્ન થાય. સૌન્દર્યસ્વરૂપ ભગવાન, એના અનુગ્રહ વિના સૌન્દર્યબોધ પ્રગટ થાય.

- પુરુષપાત્રના ભીતરમાં, એનાથી ઈશ્વરદર્શન વ્યાકુળ થાય, દર્શન સહિત થાય.
- પરદૃશ્ય – શરીર, ઉપર બહારે એને પરદૃશ્યના નિમિત્તે કોઈ ભિતર ભાગો એનાથી સૌન્દર્યબોધ ભૂંડી થાય. આમાં પરાયિની વાત છે જો! ઈશ્વર એ પરાયિ છે. તો એ સૌન્દર્યબોધ ભગવાન જ છે તેના અનુગ્રહ થયે પરથી રહિત થયો, સ્વતઃ રહિત થયો, સૌન્દર્યબોધ પરાયિમાં પ્રગટ થાય.
- "પોતાના સ્વરૂપસ્વરૂપમાં નિલયપણાનો પ્રતીતિ, વિજ્ઞાન, ઉજ્જવળ (નિરાકાર, નિત્ય, દર્શનમાન) નિરૂપણના ભાવનાથી.": આસ્વાદમાં તો દુઃખરસ હતો. આ નિરૂપણ, આનંદના રસથી ઝીલાય છે. સૌન્દર્યબોધ પ્રગટી ભલે નિરૂપણ–આનંદ સહિત પ્રગટી, જ્યાં ત્યાં રાગ અને આનંદ વધારે તે છે.
- – અનિર્વચનીયપણાથી બોધ પ્રગટ થાય છે, ઝીલાય છે." • આ તો રાગની ભાવસ્થિતિ ઉપર. પોતાના સૌન્દર્યસ્વરૂપથી ભરેલો, તેના અનુગ્રહ થયે સૌન્દર્યબોધ પ્રગટ થાય એ નિત્ય પ્રતીતિમાન રહેલી અને પોતાના નિરૂપણથી પ્રગટ થાય, એનો પરસ્પર રહી જાય.
- ઈશ્વર થાય તો આનંદ આવે એમ ન છે.
- અલૌકિક સૌન્દર્યબોધ પ્રગટ થાય છે, વિસ્તાર પામે છે. જેમ ઉપરથી તેમ આપણા પરાયિમાં ખીલી નીકળે છે. રાગ, આનંદ, શાંતિ, મુદિતા આદિક ખીલી નીકળે છે. રાગ પોતે પરાયિમાં વિસ્તાર–વિસ્તાર–વિસ્તાર પામે છે, ઝીલાય છે.
- (ભાવાર્થ– • બધી ગોવિંદ રાસ એવા દિગંબર સાધુ મિથ્યાદૃષ્ટિને પણ જે વહી ઉપર છે, (ઉપર) રાગનો ભાવ છે એને જ એણે દોષ માન્યો છે.
- આમાંથી હું ઘણું પડી જઈશ, ઈશ્વરથી પડી જઈશ હવે – એ વસ્તુસ્વરૂપમાં એમ નથી.
- પુરુષ અને પાત્રના દુઃખ–અદુઃખ બેઉ રાગ જોઈ – આસ્વાદ અનુભૂતિ, જે એને દુઃખરૂપ છે. તેનાથી ભિન્ન પડીને, તેનો તિરસ્કાર કરીને પોતાના સૌન્દર્યસ્વરૂપમાં લીન થશો – એમ આપણા ઘરમાં જાઓ (અંતર) આપણો અનુભવ થશો. આસ્વાદ ઉપર સ્થાયીને ભાર વિલય ભોગવો.
- (ભાવ) એમ કહેતો કે આ તો ભાવું ઉપર છે. જુનિયાનું કે આ ઉપર ઉપરરૂપ છે, એમ નથી. [એ તો] આનંદરસવાળું છે.
- આસ્વાદ (અહંકાર)માં બધા પરિસ્થિતિ ભળાવ્યું હતું. ઉપર એવું થાય. દૂરદર્શનથી ભિતર થઈ જાય. આના તો બધો અંદર ભગવાન પ્રગટ્યો છે, સૌન્દર્યબોધ, ભગવાન બોધ એકલો એકલા રહેલો છે. એમ કહીને અનુભૂતિના ઈશ્વરદર્શન ભળાવે છે.

# કળશ-૧૨૫ : ઉત્તરવહી

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- સંવર અધિકારના મંગળાચરણનો આ કળશ છે.

2- જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-બંધ, સંવર-નિર્જરા એમ આઠ-નવતત્ત્વના આ ક્રમ મુજબ આ અધિકારની શરૂઆતમાં રંગભૂમિમાંથી બંધ નીકળી ગયા પછી સંવર પ્રવેશે છે.

3- ભાવાર્થમાં કહ્યું છે કે 'પોતાના વિરોધી સંવરને જીતીને આસ્રવ અત્યંત અહંકારયુક્ત હતો' અર્થાત્ જગતમાં પ્રસરેલા સંવરને તેના વિરોધી આસ્રવે પરાજિત કર્યો હતો.

4- કળશટીકાકાર પંડિત રાજમલજીએ દરેક અધિકારની શરૂઆત ૐ નમઃથી કરી છે.

5- આસ્રવ અતિ-ગર્વિત થયો છે કારણ કે તેણે અત્યાર સુધીના ભણનાર તેમ જ પંચમહાવ્રતના પાળનારને પણ પાડ્યા છે અર્થાત્ તેઓને સંવરની પ્રાપ્તિ થવા દીધી નહીં.

6- અનાદિકાળથી આસ્રવ પુરુષોને પ્રતિક્ષણે સંવરથી વંચિત રાખતો રહ્યો છે.

7- આ કળશમાં આસ્રવનો સંવર પરનો વિજય અનાદિ-અનંત કહ્યો છે.

8- આ કળશમાં આસ્રવનો સંવર પરનો વિજય અનાદિ-સાંત કહ્યો છે.

9- આ કળશમાં સંવરનો આસ્રવ પરનો વિજય સાદિ-અનંત કહ્યો છે.

10- 'પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા (વિકારી) ભાવોથી જુદી ચૈતન્યજ્યોતિ પ્રગટ થાય છે' – ભાવાર્થના આ કથનમાં ત્રિકાળી ચૈતન્યજ્યોતિની વાત કરી છે.

11- ઉપરોક્ત કથનમાં ત્રિકાળ ચૈતન્યજ્યોતિના આશ્રયથી પર્યાયમાં પ્રગટ થયેલ ચૈતન્યજ્યોતિની વાત કરી છે.

12- 'નિજરસના ભારવાળી ચૈતન્યજ્યોતિ' – ભાવાર્થના આ કથનમાં નિજરસનો અર્થ આનંદરસ થાય છે.

13- 'નિજરસના અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે' – ભાવાર્થના આ કથનથી સૂચિત થાય છે કે સંવર પ્રગટતાં આત્માના અનંત ગુણો પણ પર્યાયમાં ખીલી ઊઠે છે.

14- આ કળશમાં કરણાનુયોગના સિદ્ધાંતોની અપેક્ષાએ અપ્રતિહતભાવ કહેવામાં આવ્યો છે.

~~15- આ કળશ જણાવે છે કે સંવરની પ્રાપ્તિ કષ્ટસાધ્ય છે.~~

# ગાથા-૧૮૧,૧૮૨,૧૮૩

ઉત્થાનિકા:- હવે (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે:—

ગાથા:- • ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.
• ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.
• એવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

ગાથાર્થ:- • ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિકમાં કોઈ ઉપયોગ નથી; વળી ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી.

• આઠ પ્રકારનાં કર્મોમાં અને નોકર્મમાં ઉપયોગ નથી અને ઉપયોગમાં કર્મ તથા નોકર્મ નથી.

• —આવું અવિપરીત જ્ઞાન જ્યારે જીવને થાય છે, ત્યારે તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા ઉપયોગ સિવાય અન્ય કાંઈ પણ ભાવને કરતો નથી.

ટીકા:- □ [ગાથા ૧૮૧]

• [1] ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધ નથી) કારણ કે

[2] બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે

[3] એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એકને બીજાની સાથે આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે. માટે

| | |
|---|---|
| • જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે, | • ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, |
| • જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે | • ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિકથી અભિન્નપણું હોવાને લીધે |
| • જ્ઞાનમાં જ છે | • ક્રોધાદિકમાં જ છે. |

• (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે.

• એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે.)

□ [ગાથા ૧૮૨]

• વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી, કારણ કે

• તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તથા કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત

આધારાધેયસંબંધ નથી.

- વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.
- વળી વિશેષ સમજવામાં આવે છે :-

| | |
|---|---|
| • જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે | • એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે |
| • આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અધિક અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી (—ટાળી શકાતી નથી, ઉઠી જાય છે, ઉદ્ભવતી નથી); | • જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી [અધિક અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી] બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી. |
| • અને તે નહિ પ્રભવતાં, 'એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજાય છે અને તેથી | • અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજાય છે અને તેથી |
| • એવું સમજનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. | • એવું સમજનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. |

માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.

- આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

ભાવાર્થ:- ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ - એ બધાંય પુદ્ગલદ્રવ્યનાં પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી.

- આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે.
- માટે ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે.
- આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે).

સારાંશ:- "ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધ નથી) કારણ કે બંનેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બંનેની સત્તા જુદી જુદી છે);":-

- ઉપયોગમાં ઉપયોગ છે. પહેલો ઉપયોગ છે એ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પરિણતિ. એ ઉપયોગમાં ઉપયોગ (એટલે કે) આત્મા છે, કારણ કે એ દ્વારા આત્મા જણાય છે. આત્મામાં આ ભાવ છે એમ ન લેતાં આ ભાવમાં આત્મા છે (એમ કહ્યું). કેમ? એને આધાર બનાવ્યો [એને] આધેય બનાવ્યો આત્માને.
- પહેલો ઉપયોગ એટલે વર્તમાનની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ શુદ્ધ પરિણતિ- એ ઉપયોગની પરિણતિમાં આત્મા છે. આમ તો બીજે તો દ્રવ્યને આધારે પર્યાય છે, અહીં તો કહે છે કે પર્યાયને આધારે દ્રવ્ય છે કારણ કે પર્યાયથી [આત્મા] જણાણો એટલે. બીજી શૈલી કરતાં આ શૈલી જુદી લીધી. જેનાથી જણાણો એને આધારે આત્મા છે એમ લીધું.
- એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્મામાં નથી, બીજા આત્માને સ્પર્શે નથી. એક વસ્તુને બીજી વસ્તુ સાથે સંબંધ જ નથી. ભગવાન આત્માને અને આકાશને કાંઈ સંબંધ જ નથી. આત્મા અને આકાશ તો ભિન્ન ભાસે છે ને? એટલે આત્મા આકાશમાં નથી અને આકાશ આત્મામાં નથી. આત્માને અને કર્મને, શરીરને કાંઈ સંબંધ નથી.
- કાંઈ સંબંધ નથી એટલું નહિ પરંતુ તેના (કહે છે) એમના પ્રદેશ ભિન્ન છે. જે ક્ષેત્રમાં, જેટલામાં ફેલાયું છે એટલામાં એ આકાશ નથી. એનાથી જુદા ભિન્ન પ્રદેશ, જેટલા અંશમાં આકાશ છે, એટલે એના [આકાશના] પ્રદેશ અસંખ્ય નાડીવાળો પ્રદેશ ભિન્ન છે; છે તો પોતાના અસંખ્ય (પ્રદેશ) જ છે છ.
- પ્રશ્ન: ધ્રુવ અપવાદના પ્રદેશમાં વિકારભાવ અને આકાશ પરના પ્રદેશમાં છે?
  સમાધાન: પદાર્થની અપેક્ષા નથી. અહીં તો ક્ષેત્રની અપેક્ષા (છે). ક્ષેત્ર જ ભિન્ન છે. એ ભાવ ભિન્ન છે તેથી તેનું ક્ષેત્ર ભિન્ન છે. પ્રદેશ તો અસંખ્ય પ્રદેશ માનેલા જ છે, પરંતુ એ ભિન્ન છે, આ ભિન્ન છે. [આકાશ] જેટલા અંશમાં છે. અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ. એ પ્રદેશ એટલા ભિન્ન છે. આની પેઠે આખો ધ્રુવ આત્મા ભિન્ન છે. જેટલા અંશમાં જેટલા ક્ષેત્રમાં આકાશ રહ્યું છે એના પ્રદેશ જુદા ભાગમાં આવ્યા છે.
- મુમુક્ષુ: દૃષ્ટાંત દઈને સમજાવો.
- પૂ.ગુરુદેવશ્રી: જમીન છે એમાં પથ્થર આમ ઊંચો હોય, એમાં છેલ્લો ભાગો ઊંચો હોય; તો એ ઊંચા જેટલામાં ઊંચો એટલા પ્રદેશ ભિન્ન છે અને એ સિવાય આખો પથરો ભાગો ભિન્ન છે.
- આકાશનો ભાગ નીકળી જાય છે, પરંતુ એના પ્રદેશ કાંઈ નીકળી જતા નથી; પરંતુ જ્યાં સુધી આકાશ છે ત્યાં સુધીના પ્રદેશ ભિન્ન છે એમ કહેવામાં આવે [છે].
- ~~મુમુક્ષુ: [એ] જો વચ્ચે આવી જાય છે કે આવતાં ભાગ છે?~~
  પૂ.ગુરુદેવશ્રી: એવું તો અસંગ અભાવ છે. વિચાર છે ને!
- આકાશ ગયા પછી એ પ્રદેશ ક્યાં ગયા? કે, આકાશ ગયા પછી પ્રદેશ નિરંશ થઈ ગયા. પછી દીઠનારી વસ્તુ ન રહી. આકાશનો નાશ થયો ત્યાર પછી એ આકાશના જે પ્રદેશ હતા એ તો અભિન્ન થઈ ગયા, નિરંશ થઈ ગયા.

- આત્માના ગુણ જુદા પ્રદેશે છે એમ નથી, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે.
- દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આસ્રવ, રાગ (છે) અને આત્મા વસ્તુ ભિન્ન. મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ દ્વારા તેની આ વસ્તુ નથી.
- 'નિયમસાર'માં આવે છે કે દ્રવ્યના પ્રદેશ અને નિર્મળ પરિણતિના પ્રદેશ ભિન્ન છે. નિર્મળ પરિણતિ તે પર્યાય છે અને દ્રવ્ય છે તે ધ્રુવ છે; પરંતુ અત્યારે એ નથી કહેવું; વિકારી ભાવ ક્ષેત્રની દૃષ્ટિએ તેના પ્રદેશ ભિન્ન છે [એમ અહીં કહેવું છે.]
- [આત્મા અને આસ્રવ] બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી બેયની સત્તા એક નથી, બન્નેની બે સત્તા છે. આસ્રવભાવ મલિનભાવ, અશુચિ ભાવ [અને] ભગવાન નિર્મળ શુચિ-પવિત્ર ભાવ છે; બેયની સત્તા ભિન્ન ભિન્ન છે. બેનું હોવાપણું જુદું જુદું છે.
- અહીં તો વિકારભાવના પ્રદેશ જ જુદા (કહ્યાં છે). ભાવ જુદો એનું ક્ષેત્ર જુદું - સ્થાન જુદું, એમ કહે છે. ભાવ બન્ને અંતર વસ્તુ બન્ને.
- પ્રશ્ન: નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્યાં ગયો?

પ્રત્યુત્તર: એ નિમિત્ત એનાપણે [અને] નૈમિત્તિક પોતાની પર્યાયરૂપે પરિણમે. એક બન્ને સાથે કંઈ સંબંધ નથી.
- નિર્મળ પર્યાય છે એમાં ભગવાન ઉપયોગ વસ્યો છે. અહીંયાં શુદ્ધ ઉપયોગ છે એ તદ્દન ન રહી શકે અંદરને એનું શુદ્ધ પરિણમન આધાર થયું. શુદ્ધ ઉપયોગમાં આત્મા છે, પણ એમ કહેવાય તો અહીંયાં શુદ્ધ ઉપયોગ ફરક પડતો નથી; પરિણમન શુદ્ધ છે અને ઉપયોગ રાગમાં જાય છે. [માટે] ઉપયોગનો અર્થ જાણનક્રિયા કહી છે.
- જ્ઞાન અને આનંદની પર્યાયો અંદરમાં રહી છે - એ દ્રવ્યમાં છે; અને વર્તમાન પ્રકાર પર્યાય વિનાનો કોઈ એનો ભાગ હોય નહિ. એ પ્રકાર પર્યાય અને વસ્તુ બેની સત્તા-પ્રદેશ ભિન્ન છે. પ્રદેશ ભિન્ન છે તેથી તેની સત્તા ભિન્ન છે.

□ <u>હવે એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજાને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.</u>

- → સંવર અધિકારને માંડ્યો માર્ગ, આત્માની નિર્મળ પરિણતિ. તેનું માંગલિક કરતાં કળશકારે 'ૐ નમઃ' કરીને શરૂ કર્યું, બીજે ૐ નમઃ લખ્યું નથી.
- સ્વામી કહે સં. સ્વરૂપમાં જાય છે ત્યારે કોને આધારે આત્મા જાણે છે અને આત્મા જ્ઞાન કરે છે માટે આત્માને આધારે કોઈ સાથે જાણે છે એમ નથી. અપને આધારે આ માર્ગ રહ્યું નથી. વિધિના આધારે વિધિ દ્રવ્ય રહેતું નથી.
- પહેલી એ વાત લીધી કે એક વસ્તુની બીજી વસ્તુ નથી, પછી એક વસ્તુના (અને) બીજી વસ્તુના પ્રદેશ ભિન્ન છે એમ કહ્યું; તેથી તેની સત્તા એક નથી. હવે આ ત્રીજા બોલમાં કહે છે કે એક બીજાને આધાર-આધેય [સંબંધ] પણ નથી. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આધારાધેય સંબંધ છે. એટલે આત્માની નિર્મળ પરિણતિ આધાર છે, ભગવાન તે આધેય છે. એનાથી [illegible]
([illegible])

છે માટે [આત્મદ્રવ્ય કે જે પરિણતિમાં જણાય છે] તે આધેય છે.

- નિર્મળ મોક્ષનો માર્ગ તે આધાર, આત્મા તે આધેય. સંવર તે આધાર, આત્મા આધેય; કેમ કે સંવરમાં તે આત્મા જણાય છે, એટલે સંવરની રચના અને આત્માની રચના એક ગણી નાખી અને એને આધાર-આધેય સંબંધ ગણ્યો.
- [ઉપરનું તો] પ્રદેશ જુદા છે, રચના જુદી છે અને આધારાધેય સંબંધ પણ નહિ. દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં જ રહેવારૂપ આધાર છે.
- ગમે તેટલો વિચારનો મંદ ભાવ હોય, શુભ લેશ્યા હોય, પરંતુ એનાથી આત્માને લાભ થાય એમ નહિ, એના આધારે આત્મા જણાય એમ નહિ.
- [એટલે] પર્યાય માટે તળ પર્યાય આપણી નહિ એ અપેક્ષાએ એને પરદ્રવ્ય કીધું - [નિયમસારમાં]. પણ અહીં તો પર્યાય જે છે એ સ્વભાવદૃષ્ટિવાનની પરિણતિ દ્વારા [આત્મા] જણાય છે માટે તેને આધાર અને આત્માને આધેય કહ્યો છે.
- ભગવાન જ્ઞાન-આનંદની પર્યાયો અંદરમાં છે પરંતુ વર્તમાન જે પર્યાય પ્રગટ છે એનાથી એ જણાય છે, તેથી તે પર્યાય આધાર છે, દ્રવ્ય આધેય છે.

□ માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-સ્થિત) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે; ક્રોધાદિક કે જે ક્રોધાદિરૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિકથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે).

- "દ્રવ્યાશ્રયા ગુણા:" - એ તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે. દ્રવ્યને આશ્રયે ગુણો (રહેલા છે). અહીં કહે છે એને [દ્રવ્યને] આશ્રયે જ કીધું હતું એ તો વસ્તુ સિદ્ધ કરવા (કીધું હતું) પણ એનાથી વસ્તુસ્થિતિ જેને ખ્યાલમાં ન આવે, અનુભવમાં ન આવે એને શું? એને જ્ઞાનના, શ્રદ્ધાના, શાંતિના એટલે સ્વરૂપાચરણ વગેરે પરિણમનમાં ખ્યાલમાં આવે કે, આ આત્મા છે; માટે જાણનક્રિયા એનું સ્વરૂપ છે. જ્ઞાન એટલે જ આત્મા, એનું જાણનક્રિયારૂપ જ સ્વરૂપ છે તેમાં એ રહેલો છે - એટલે એમાં તે જણાય છે. એ જાણનક્રિયામાં ભગવાન ગુણની પર્યાય આવી ગઈ.
- કેવળ ઠામ ત્યારે કર્તા કહેવાય તે? એમ અહીં કર્તા-જાણનક્રિયા આધાર થઈ તો અનાદિ-અનંત આત્મા જણાયો કે આ આત્મા (છે).
- દ્રવ્ય પોતાની [નિર્મળ-અવિકારી] પર્યાયને પહોંચે છે, પ્રાપ્ત કરે છે - એમ પ્રવચનસારમાં કહ્યું છે. [અને પર્યાય દ્રવ્ય-ગુણથી ભિન્ન થાય છે] એને આધારે એનો નિશ્ચયાભાસ એને દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પામે છે. ભગવાન કોઈ બીજા પામતી નથી એટલું ત્યાં સિદ્ધ કર્યું છે. અહીં ભગવાન ભિન્ન સિદ્ધ કરવા છે. એકેકનું પરિણમન થયું એ એકમાં બીજાનો પ્રવેશ નથી છે એમ એને આધારે જાણવું માટે એને આધાર (કહ્યો) અને વસ્તુને આધેય (કહી). પ્રવચનસારમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય સિદ્ધ કરવાં છે; અહીં તો સંવર સિદ્ધ કરવો છે.
- ભિન્ન-ભિન્ન એ કોઈ સંબંધ નહિ. જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ પણ વ્યવહાર છે.
- પરિપૂર્ણ ભગવાન વસ્તુ ભલે એ પરિણતિમાં એ દ્રવ્ય આવ્યું નહિ, પરંતુ પરિણતિમાં તે દ્રવ્યનું

જેટલું રાગરહિત છે તેટલું જ્ઞાન અને પ્રગટ થઈ ગયા.

- અનંત ગુણોના શક્તિમાં જે હતા તે વ્યક્તરૂપે થયા, જેટલા અંશ (વ્યક્તરૂપે થયા) તે પરિણમનને આધારે જણાયું કે આ (આત્મા છે). આનંદને આધારે જણાયું કે પૂર્ણ આનંદ છે. જ્ઞાનની વ્યક્તતાના અંશ પૂર્ણ જ્ઞાન (ને જણાવે છે). એમ જે પ્રકાર જે પર્યાય (થઈ) તેમાં જે અંશ આવ્યા, તે અંશને દ્વારા તે જણાયો છે - માટે તે અંશને આધાર કહેવામાં આવે છે અને અંશીને આધેય કહેવામાં આવે છે.
- પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી પરંતુ [પર્યાય] આ બાજુ સન્મુખ થઈ માટે અનુભૂતિ છે એમ (કહ્યું છે). અનુભૂતિનો અર્થ આનંદ થઈ ગયો. આધાર એ નિશ્ચયનયનું કથન છે.
- આધારે નિશ્ચયથી પર્યાયના પ્રદેશ જુદા કહ્યા છે. વ્યવહારથી પર્યાયના પ્રદેશો જુદા નથી [પાડ્યા].
- આત્માનું પરિણમન થયું એને આત્મા કીધો, જ્ઞાનક્રિયાને આત્મા કીધો; એટલે આત્મા આત્મામાં છે. એ આત્મા પોતાના સ્વરૂપમાં છે.
- જ્ઞાનક્રિયા એ ઉત્પન્ન ક્રિયા છે, ઉત્પાદ છે. એ ઉત્પન્ન ક્રિયાને આધારે આત્મા જણાય છે, માટે તે આત્માનું એ સ્વરૂપ છે. તે સ્વરૂપને આધારે આત્મા છે માટે સ્વરૂપ અને આત્મા એ અભિન્ન છે.
- આત્મા સહિત અંતરની નિર્મળ દશા એ જ્ઞાનક્રિયા છે. પર્યાય જ નિર્મળ ન હોય, પ્રગટ (ન હોય) તો આ સિદ્ધાંત છે એને જાણ્યો કોણે? જ્ઞાનક્રિયા અને આત્મા, બેની સાથે જ, જ્ઞાનક્રિયા આધાર અને વસ્તુ આધેય.
- પાઠમાં શુદ્ધ ઉપયોગ લખ્યો છે પરંતુ અહીં જ્ઞાનક્રિયા લીધી; [કારણ કે] શુદ્ધ ઉપયોગ કાયમ રહેતો નથી, પરંતુ શુદ્ધિનું પરિણમન કાયમ રહે છે. આ રીતે કહેવાય.
- પ્રતિષ્ઠિત એટલે એને આધારે રહ્યો છે.
- નિયમસારમાં શુદ્ધભાવ અધિકારમાં સંવર, નિર્જરા અને કેવળજ્ઞાનને બહિઃતત્ત્વ અને ત્રિકાળીને અંતઃતત્ત્વ કહ્યા છે.
- જે પર્યાય પ્રકાર શુદ્ધ પરિણતિ છે [તે] એનો આધાર છે, એને આધારે જણાયો છે - એવો આધાર. પર્યાયમાં એ છે એ પ્રતિષ્ઠા છે. તેને આધારે છે તેથી પ્રતિષ્ઠામાં રહી છે.
- જ્ઞાન એટલે આત્મા [એ] પ્રકાર પર્યાય વિનાનો સિદ્ધ કિં હોય નહિ. ઈ પ્રકાર પર્યાયનો જાણનારો છે. એ પર્યાય પોતાનું સ્વરૂપ છે (એમ કહ્યું છે), નહિતર છે એવો સિદ્ધ થનાર નહોતો. વસ્તુ હતી ક્યાં? પર્યાયમાં જ્ઞાનક્રિયા વિના પ્રગટ ન થઈ તો એને માટે સિદ્ધ હતી નહિ.
- આ જ્ઞાનપ્રધાન કથન છે ને! જુઓ, આનંદ [આદિ] અનંત ગુણોના વ્યક્ત અંશ એ જેટલા અંશો - એ પર્યાય - દ્રવ્યને જાણે છે. જ્ઞાન પર્યાયનું સ્વરૂપ તે એનું [ત્રિકાળી આત્માનું] રહેવાનું રહેઠાણ છે. ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ એ આધેય છે એટલે રહેનાર છે.
- આ ન્યાયને શું કહ્યું? ઈ ન્યાયને આત્મા આરામ છે, એ પર્યાય છે, જ્ઞાનપર્યાય છે એમાં આત્મા રહેલ છે - એટલે એમાં આત્મા જણાય છે.
- ૯૨૭ ભગવાનઆત્મા ભગવત્સ્વરૂપ છે અંદર. ભગવાન આખો જેટલો. શરીર ત્રિકો નાખો, એને ન જુઓ, રાગને ન જુઓ તો જેટલો ભગવાન આત્મા શુદ્ધ સંપન્ન એ એની પરિણતિમાં જણાય છે; (માટે) પરિણતિ એનું સ્વરૂપ છે. એ જ્ઞાન એટલે ત્રિકાળી સ્વરૂપ જ્ઞાનક્રિયામાં જ છે.

- હવે વિરુદ્ધનું [ક્રોધનું] લે છે.
- ક્રોધાદિ જે એનું પરિણમન જ છે, એને આધારે એ ક્રોધ છે. ક્રોધાદિક્રિયા (અંતરંગ) પરિણમન- ક્રોધ શબ્દે દ્વેષ અને આદિ શબ્દે રાગ. રાગમાં લોભ અને માયા આવે. એ લોભની ઇચ્છાની વૃત્તિ ઉત્પન્ન થઇ, એ ઇચ્છાની પરિણતિને આધારે એ ક્રોધ છે, આત્માને આધારે નહિ.
- મુમુક્ષુ: ક્રોધાદિનો આધાર નોકર્મ ગણવામાં આવે?

પૂ.ગુરુદેવશ્રી: કર્મ-નોકર્મ અહીં નહીં. અહીં તો અંદરની વાત છે. એ [કર્મ આદિ] તો બહારનું તત્ત્વ છે, પરંતુ આ [ક્રોધાદિ ભાવકર્મ] જુદા બતાવવા નથી માટે તેને જુદા બતાવીને પછી કહે [છે], આમાં ભેગું [કર્મ-નોકર્મ આદિ] લઇ લેવું.

- શરીર જુદું છે, કર્મ જુદું છે, એવી ધારણા તો ઘણીવાર થઇ ગઇ છે. રાગ જુદો છે એવું પણ ખ્યાલમાં-ધારણામાં આવ્યું હતું પરંતુ ભાવમાં નહોતું આવ્યું: રાગરહિત સ્વભાવની દ્રષ્ટિ કરીને જે પરિણમન થયું (અંદરથી) તે નહોતું. તેથી તેને કહે છે કે પરિણમનને આધારે તે જાણવો. એને ક્રોધ નથી વિકાર છે એ [તેની] પરિણતિને આધારે વિકાર છે, આત્માને આધારે વિકાર છે જ નહિ.

□ વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમજ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.

- વિપરીતતાનો અર્થ વિરુદ્ધ છે.
- પહેલું ભાવકર્મ લીધું. ભાવકર્મની સાથે એને સંબંધ નથી. પછી એની સાથે જોડાયેલ દ્રવ્યકર્મ લીધું; પછી નોકર્મ- બહારના નિમિત્તો (લીધા). એ ત્રણેમાં આત્મા નથી.
- એ નોકર્મ તો બહાર, શરીર વાણી આદિ લીધા છે ને? એ નોકર્મ સુધી દ્રવ્યકર્મ, ભાવકર્મ વિચારની લાઇન રાખો. (વિકારી) પરિણમન, જડ કર્મને અને નોકર્મને પરસ્પર આત્મામાં એ નહિ અને એમાં આત્મા નહિ એમ પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીત છે. વિપરીત એમ નથી લીધું, અત્યંત સ્વરૂપ વિપરીત છે. આત્માના આનંદ અને જ્ઞાનની પરિણતિ સિવાય બીજાને રાખવાને જો સંબંધમાં રાખતા હોય તો એ સંબંધમાં રાખનાર નરક અને નિગોદનો સંબંધ થશે.
- ભગવાનનું સ્વરૂપ અને વિકાર આત્માનું (સ્વરૂપ) એ તો તદ્દન પરસ્પર અત્યંત સ્વરૂપ વિરુદ્ધ છે. રાગને આધારે આત્મા જણાય કે આત્માને આધારે રાગ થાય એમ છે નહિ.
- જેને સંયોગથી લાભ થાય એમ માન્યું છે સંયોગ એને નહિ છૂટે. ચારગતિના સંયોગ લાભ ભલો માન્યો, એનાથી લાભ માન્યો તો સંયોગભાવ નહિ છૂટે, સંયોગી ચીજ નહિ છૂટે.
- મૂળ છે ને? (અંદર) ઉત્પન્ન થવાની જ્ઞાનના ક્રોધ ભરેલા છે. રાગનો પ્રેમ એ ક્રોધ છે. ક્રોધ-અણગમો, આત્મા જેને રુચતો નથી, ગમતો નથી એટલે જ ક્રોધભાવ એ ક્રોધ ક્રોધમાં છે, એને આધારે આત્મા નથી, અને આત્માને આધારે ક્રોધ હોતો નથી.

૨૭-૦૨-૯૯

• આ [જ્ઞાયક આત્મા] જ્ઞાનસ્વરૂપ છે. દ્રવ્યે જ્ઞાન, ગુણે જ્ઞાન અને પર્યાયે જ્ઞાન. ક્રોધાદિ ભાવ જડ-અજ્ઞાન- છે. આત્મામાં રાગ- દયા, દાન, વ્રત, પૂજાનો વિકલ્પ ઊઠે એ આત્મા નહિ, એ જડ છે અને જ્ઞાયક (આત્મા) જ્ઞાનસ્વરૂપ છે.

□ વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિને) આધારાધેયપણું નથી.

• [રાગાદિ] અશુદ્ધનયે એની પર્યાયમાં છે પરંતુ શુદ્ધદ્રવ્યદૃષ્ટિ જોઈએ તો એને એને આત્માને કાંઈ સંબંધ નથી એમ કહે છે. અશુદ્ધનય એટલે વ્યવહાર દશા. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે - દ્રવ્યાર્થિક કેમ (કહ્યું)? કેમ કે ઈ દ્રવ્યની પર્યાય છે ને એમ. પણ એ તો વસ્તુની સ્થિતિ જાણવા (કહ્યું). ત્રણ વખતે એને સંવર ભેદ બતાવવો છે, ત્યાં તો રાગમાં આત્મા અત્યંત વિરુદ્ધ (છે એટલે આત્મામાં) છે જ નહિ. રાગ રાગને કરે એમ જ્ઞાનને કરે એમ વાત સમજમાં નહિ. બેયના સ્વભાવ જ જુદા છે. સ્વ-પરપ્રકાશક-જ્ઞાનની પરિણતિ અને ક્રોધાદિની પરિણતિ, રાગની પરિણતિ ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે [ક્રોધાદિ] બેયનો સ્વભાવ જ ભિન્ન ભિન્ન છે. જ્ઞાયક જાણન દશાને પ્રકાશે છે અને રાગ છે એ અંધકાર પ્રકાશે છે.

• હવે એક નવી વાત. એ રાગાદિ અજ્ઞાન છે, એમાં જ્ઞાન નથી, એમ પાછું કહ્યું છે- અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ નથી. બેયના સ્વભાવ ભિન્ન પ્રકાશતા હોવાથી બેય વસ્તુ જુદી છે. આ રીતે જ્ઞાન એટલે આત્માને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.

• 'કોઈ રીતે સ્થાપી શકાતું નથી' અહીં આચાર્ય ભગવાનનું વજન છે. કોઈપણમાં જોડે આત્મા ગયો. વ્યવહાર પણ (આત્મા ગયો).

□ 'વળી વિશેષ સમજાવવામાં આવે છે :- જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી (-ઊઠી શકતી નથી, ફરી જાય છે, ટકતી નથી); અને તે નહિ પ્રભવવાથી, 'એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજાય છે અને તેથી એવું સમજનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.

એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવવાથી, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજાય છે અને તેથી એવું સમજનારને

પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ્ઞાનમાં જ છે, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ છે.

આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિ તેમજ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.'

- જુઓ! આધારાધેયની વ્યવસ્થા. આકાશને વળી આધાર શેનો? પરંતુ એમાં રહે એટલે વ્યવહારે આધારઆધેય કહેવાય, પરંતુ આકાશ શેમાં રહે? આધારેય જ [આકાશ] અને આધેય પણ જ [આકાશ]. આકાશને બીજો કોઈ આધાર છે એમાં આકાશ રહેલ છે, એવું ભાસતું નથી.

સ્વલક્ષણ આકાશ પોતાના સ્વરૂપને આધારે છે એ વાત કરી ગયા છે. [એવી જ રીતે] આત્માના આધેય અને તેને પરનું આધારપણું એવું ભાસતું નથી. એવું સ્વરૂપ છે કે આધાર અને આત્મા તે આધેય.

- આત્મા આત્મામાં જ છે. એવું સ્વરૂપ છે જે આત્મા છે અને એ સ્વરૂપના આધારે આત્મા રહેલ છે. આત્માનું જાણવું-દેખવું, શ્રદ્ધવું, કરવું એ આત્મા છે. એ જ પરિણતિ કરે એ આત્મામાં છે.
- અને બાકી પંચાસ્તિકાયમાં જે કે પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિ ભાવો છે અને આત્મા ભિન્ન છે. એ પરથી ભિન્ન વસ્તુની સ્થિતિ બતાવી છે. અહીં તો ક્રોધ-ક્રિયા રહિત અને જ્ઞાનની અસહિત સ્વરૂપ- એ બે વસ્તુની વહેંચણની વાત છે આ રીતે બુદ્ધિની પરિણતિમાં રાગનું અને રાગની પરિણતિમાં આત્માનું ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું. આત્માનું અને વિકારનું-ભાવકર્મનું તેમજ કર્મ-નોકર્મનું ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.
- આકાશ સ્વલક્ષણ છે. આ નિત્ય છે અને અનિત્ય છે. આ બોધ બુદ્ધિમાં આવે ભાવ આકાશ છે એ અનંત છે. અંત ક્યાં તો અંત પછી શું? એ આકાશનો આધાર શેનો? આકાશને માટે શેય કોઈ નથી કે જેના એને આધારે આકાશ હોય. એમ બુદ્ધિમાં વિચાર કરે તો આધાર-આધેય અલગ ભિન્નતા આકાશમાં ભાસતી નથી.
- આ જડ-ચૈતન્યના વિશુદ્ધ અસંખ્ય લોકમાં છે, પછી ખાલી ભાગ છે ત્યાંય અલોક ભલે નાય ત્યાંય અંત નથી. એટલા આકાશને બુદ્ધિમાં સ્થાપીને અંતરમાં ઊંડો ભાવે વિચાર કરે કે એ આકાશને રહેવાનું સ્થાન શેમાં? કે, એ પોતે જ રહેવાનું સ્થાન છે.
- [એવી જ રીતે] બુદ્ધિમાં એટલે જ્ઞાનની પર્યાયમાં આ અંતર જ્ઞાન જે બીજાથી વસ્તુ છે એનો વિચાર કર. આકાશ જેમ કેવળ પુરતું છે, એમ આ મતિજ્ઞાન, કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ- એના ભાવની અનંતતા છે. એ ભાવને બુદ્ધિમાં લઈને આધારાધેય-ભાવ વિચારવામાં આવે તો એ જ્ઞાનસ્વરૂપ પણ બીજી કોઈ ચીજને આધારે છે એમ છે જ નહિ. જ્ઞાનના સ્વરૂપને જ્ઞાનના સ્વરૂપનો જ આધાર છે. એ પરિણમન જ થયું એનો આધારે જાણનાર માટે આત્માને આધારે આત્મા છે, એ જ્ઞાનને આધારે આત્મા છે.
- ભાઈ! જ્ઞાન અને આનંદ છે ને! એ જ્ઞાન અને આનંદનો વિચાર કર તો એ વિચાર અને મનનને આધારે એ ભાસ છે માટે મનન પરિણમન આધાર અને એ (પોતે) આધેય છે એમ ~~અંતર્મુખ~~ જ્ઞાનની સૂક્ષ્મ પર્યાયમાં ~~ભાવ છે~~ ભાવાર્થમાં ભાસે છે.
- એ મનન કરવાનું પરિણમન, જાણનક્રિયા થઈ એ આધાર છે. મનન જ નિશ્ચય પરિણમન થયું એમાં એ આત્મા છે અને રાગાદિ વ્યવહાર છે જ વ્યવહારમાં જ છે. ભાવાર્થ:"... જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ..."
- આ (શરીર) માટી, ધૂળ છે (એ) અજ્ઞાન ભાગ છે એને આધારે કોઈ આત્મા નથી. તેમ આત્માને આધારે આ શરીર રહ્યું છે એમ નથી.

• જ્યાં આત્મા છે ત્યાં ક્રોધ છે પણ ક્રોધનો આધાર આત્મા નથી તેમ આત્માનો આધાર ક્રોધ નથી.

□ "એ આસ્રવો પુદ્ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે..." : ઘણ ટકે નહિ, અનુભવ કરે ને એવા જ સિદ્ધ હોય એ જડ છે, પુદ્ગલના પરિણામ(છે), જાણના નહિ. અનુભવ કરે ઘણો ને વસ્તુ છોડી, એ માનવા નિશ્ચયથી-જડ છે.

□ "...એના હોત તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી,..."
ગુરુદેવ: દલીલોને આધારે આપેલી છે.
પૂ. ગુરુદેવશ્રી: એને આધારે આપેલી નથી. વ્યવહારને આધારે નિશ્ચય નથી અને નિશ્ચયને આધારે વ્યવહાર નથી.

□ GENERAL

• એક વસ્તુની બીજી વસ્તુ સાથે સંબંધ નથી. જ્ઞેય-જ્ઞાયકસંબંધ પણ નથી. જ્ઞાન જ્ઞેયને જાણે જ વ્યવહાર છે, જ્ઞાન જ્ઞાનને જાણે એ નિશ્ચય છે.
• ઉપયોગ જાણે બહારનાં જડ-રાગાદિનાં ભાવ, ઈતર આત્માની જાણનક્રિયા, પરિણમનક્રિયા, શુદ્ધ પરિણમનક્રિયા એ જ એટલો ઉપયોગ (છે). એમાં આત્મા છે. પરસ્પર તો શુદ્ધ ઉપયોગમાં પણ નિર્મળ વસ્તુ નથી. જાણનક્રિયામાં જ વસ્તુ છે. જાણનક્રિયા એ નિર્મળ પરિણતિ છે એના દ્વારા [નિષ્ક્રિય વસ્તુ] જણાય છે.
• એ કારણપરમાત્મા છે ખરો, પરંતુ [જેને] પર્યાયમાં કાર્યપણું હોય એને એ કારણ-પરમાત્મા છે. [એ] છે ખરો, પણ છે તું છે પણું એને [જ્યારે ભાસે છે].
• તત્ત્વાર્થસૂત્ર, સૂત્ર ૧૭ અધ્યાય ૫માં 'ઉદાસીન નિમિત્તને ઉપકાર' કહ્યો છે. એક દ્રવ્યની પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાયનો સંબંધ બતાવ્યો છે. દરેક દ્રવ્ય પોતાના ગુણપર્યાયને સ્પર્શે છે પણ બીજાને અડતું નથી તો [બીજાનો] ઉપકાર કર્યો(કરે)?
• ઉપકારી - સજ્જન, ભલું એમ.
• [ધર્માસ્તિકાય] જો ગતિ કરાવે તો સદાય ગતિ જ થયા કરે.
• ધર્મીને આત્માના સુખ સિવાય બહારમાં[કશે] સુખબુદ્ધિ (છૂટી ગઈ છે).
• ભાઈ! જૈનદર્શન ઝીણું બહુ. પણ એ વસ્તુને સમજવાનું ફળ પણ અનંત આનંદ છે.
• જે સમજે જે હોશે તેના ઉપર નજર રાખશે ન હોય. એને સ્વરૂપને જાણવાની જાણન-ક્રિયા એ પણ જે સમજે હોવાની હશે ને હશે, એવો જેને નિર્ણય કર્યો હોય એવો તો સાધકભાવ ઉપર જાવું પડશે, વ્યવહારભાવ જ્ઞાની પુરાવે તેમાં જાવું પડશે.
• છઠ્ઠા ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વક રાગ છે.
• વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે, જ ના પાડે છે. એની સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે અને બંને આધાર-આધેય સંબંધ પણ નથી. જે ભાવ નહીં કરનાર ઉદય એ ~~ભાવનો ભાવ, એને દ્રવ્ય ગણીએ તો એના પ્રદેશ પણ ભિન્ન છે. એને પણ દ્રવ્ય-દૃષ્ટિ-~~ ત્યાં-ભાવ ગણીએ તો ત્યાં એનો એક સમય પૂરતો, ઉત્તે એ પ્રદેશનો દેખાય છે, વસ્તુ પોતે જ, ભાવ એનો એ સ્વતંત્ર.
• નરકમાં સંયોગની અપેક્ષાએ અને નિગોદમાં હીણી દશાની અપેક્ષાએ દુઃખ કહેવાય છે.
• સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ.

## ગાથા : ૧૮૧, ૧૮૨, ૧૮૩ - સંવર અધિકાર

(૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

□ ઉત્થાનિકા માંથી -

1- સકળ કર્મના સંવર થવાનો ઉત્કૃષ્ટ ઉપાય ભેદવિજ્ઞાન છે.

□ ગાથાર્થ માંથી

2- "ઉપયોગમાં ઉપયોગ છે" - આ કથનમાં પહેલા 'ઉપયોગ' શબ્દનો અર્થ 'જ્ઞાતાની ધ્રુવ આત્મા' થાય છે અને બીજા 'ઉપયોગ' શબ્દનો અર્થ 'જાણનક્રિયારૂપ શુદ્ધ પરિણતિ' થાય છે.

3- ઉપરના કથનમાં પહેલા 'ઉપયોગ'નો અર્થ 'શુદ્ધ ઉપયોગ' થાય છે અને બીજા 'ઉપયોગ'નો અર્થ 'જ્ઞાતાની ધ્રુવ આત્મા' થાય છે.

4- ઉપરના કથનમાં પહેલા 'ઉપયોગ'નો અર્થ 'જાણનક્રિયાની શુદ્ધ પરિણતિ' અને બીજા ઉપયોગનો અર્થ 'જ્ઞાતાની ધ્રુવ આત્મા' થાય છે.

□ ટીકા માંથી

5- "ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી" અર્થાત્ એક વસ્તુને બીજી વસ્તુની સાથે કોઈ સંબંધ જ નથી.

6- બે વસ્તુઓને એક જ સત્તાની અનુપપત્તિ છે અર્થાત્ બે વસ્તુઓની સત્તા જુદી જુદી છે તેથી તેમના પ્રદેશો ભિન્ન છે.

7- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ જ સંબંધ નથી તેથી તેમની સત્તા જુદી જુદી છે.

8- "ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી" એમ કહીને આચાર્યશ્રીએ અહીં ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનો નિષેધ કર્યો છે.

9- "ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી" એમ કહીને આચાર્યશ્રીએ અહીં અનુપચરિત સદ્ભૂત વ્યવહારનો નિષેધ કર્યો છે.

10- "ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી" એમ કહીને આચાર્યશ્રીએ અહીં ઉપચરિત સદ્ભૂત વ્યવહારનો નિષેધ કર્યો છે.

11- "દ્રવ્યાશ્રયા ગુણાઃ" શ્રી તત્વાર્થસૂત્રના આ સૂત્ર અનુસાર આ ગાથાની ટીકામાં દ્રવ્યને પર્યાયનો આધાર કહ્યો છે.

12- આ ગાથાઓમાં જાણનક્રિયાની પરિણતિને 'આધાર' અને આત્માને 'આધેય' કહ્યો છે.

13- આત્મા અને આકાશના પ્રદેશો ભિન્ન છે. આત્મા નાનો છે માટે તેના અસંખ્ય પ્રદેશો છે, આકાશનું ક્ષેત્ર મોટું છે માટે તેના પ્રદેશો સંખ્યાત છે.

14- આત્મા અને આકાશના પ્રદેશો ભિન્ન છે. જે સ્થાન (Location)માં આત્માના પ્રદેશો છે તેનાથી જુદા સ્થાન (Location)માં આકાશના પ્રદેશો રહેલા છે.

15- આત્માના અસંખ્ય પ્રદેશોની અંદર જ તેના એટલા અંશોમાં આકાશના પ્રદેશો છે.

(૨)

1- આકાશ અને આત્માનો ભાવ ભિન્ન છે માટે તેનું ક્ષેત્ર ભિન્ન છે એમ કહેવામાં આવ્યું છે.

2- આત્મા અને આકાશ વચ્ચે [પૂ. ગુરુદેવશ્રીએ પરમ અદ્ભુતતાની આંખોએ] 'અત્યંતાભાવ' કહ્યો છે.

3- 'ચિદ્વિલાસ'માં આત્મદ્રવ્ય અને નિર્મળ પર્યાયના પ્રદેશો ભિન્ન કહ્યાં છે. તે રીતે અહીં પણ એ જ વાત કરવામાં આવી છે.

4- આત્મા અને આસ્રવ વચ્ચે જ્ઞેય-જ્ઞાયક સંબંધનો નિષેધ નથી, કારણ કે જ્ઞાન રાગને જાણે છે.

5- જડરૂપ પોતાની મેળાએ ઊભું રહી શકતું નથી, તે બતાવે છે કે શરીર આદિનો, અને આત્મા આધાર છે.

6- જ્ઞાનીની ભૂમિકાની પર્યાયો પણ આત્માના આધારે છે, માટે તે ભૂમિકાની પર્યાયો અને આત્મા વચ્ચે પણ આધારાધેય સંબંધ છે.

7- એક સમયની જ્ઞાનની પર્યાયને અહીં જાણનક્રિયા કહેવામાં આવી છે.

8- જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ અનંત ગુણોની નિર્મળ પરિણતિને અહીં જાણનક્રિયા કહેવામાં આવી છે.

9- શ્રીપ્રવચનસારજીમાં કહ્યું છે કે દ્રવ્ય તેની શક્તિથી તેમજ આધારથી પર્યાયને પહોંચી વળે છે, પ્રાપ્ત કરે છે. અહીં પણ એ જ વાત કરવામાં આવી છે.

10- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ વ્યવહાર સંબંધ છે, જ્ઞેયજ્ઞાયક સંબંધ એ નિશ્ચય સંબંધ છે.

11- અહીં જાણનક્રિયાને આધાર કહ્યો છે કારણ કે અનુભવના કાળમાં તે આત્મદ્રવ્ય સાથે તાદાત્મ્ય પામે છે એટલે કે દ્રવ્ય પર્યાયમાં આવે છે.

12- જાણનક્રિયા દ્વારા આત્માના અનંત ગુણોની પૂર્ણતાની પ્રતીતિ થાય છે.

13- જાણનક્રિયા અને આત્મા - એ બેની સત્તા એક છે.

14- આચાર્ય કુંદકુંદ જેને જાણનક્રિયા કહી છે, તેને આચાર્ય અમૃતચંદ્રે શુદ્ધ ઉપયોગ કહ્યો છે.

15- અહીં "પ્રતિષ્ઠિત" શબ્દનો અર્થ "એના આધારે રહેલો છે"-એમ થાય છે.

(3) 1- અહીં "ક્રોધ" શબ્દનો અર્થ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ થાય છે.

2- આહાર, શરીર વગેરે આદિને નોકર્મ કહેવાય છે.

3- દ્રવ્યકર્મ અને ભાવકર્મ સિવાયની બધી વસ્તુઓને નોકર્મ કહેવાય છે.

4- 'ક્રોધ' આત્માની પર્યાયમાં જ થાય છે માટે તેને કોઈ પણ રીતે 'અજ્ઞાન' ન કહી શકાય.

5- 'ક્રોધ'માં જ્ઞાનનો અંશ પણ નથી માટે તેને અજ્ઞાન કહેવામાં આવે છે.

6- જ્ઞાનનું સ્વરૂપ નિશ્ચયથી તો જાણનક્રિયા જ છે, પરંતુ વ્યવહારથી ક્રોધાદિ ક્રિયા છે - એમ અહીં સ્થાપવામાં આવ્યું છે.

7- સર્વવ્યાપી આકાશને ભલે કોઈ પણ દ્રવ્ય સાથે આધાર-આધેય સંબંધ ન હોઈ શકે એ વાત તેની ક્ષેત્રસંબંધી અનંતતાના વિચારથી સમજી શકાય છે, તે જ રીતે આત્માના અનંત ગુણોના ભાવની અનંતતાના વિચારથી તેને ભલે કોઈ પણ દ્રવ્ય સાથે આધાર-આધેય સંબંધ ન હોઈ શકે તેમ સમજી શકાય છે.

8- વિગ્રહગતિમાં ગમન કરતા આત્મા અને દ્રવ્યકર્મને એકબીજાનો આધાર હોય છે.

9- જ્ઞાનીનો ઉપયોગ જ્યારે બહારમાં જાય છે ત્યારે તેની જાણનક્રિયાની પરિણતિ

ઉતરી જાય છે અને તેને આત્માના જ્ઞાનનો બોધ થાય છે.

10- "પરસ્પરઉપગ્રહોજીવાનામ્" - જૈન સમાજના આ તત્ત્વાર્થ સૂત્રનો ભાવાર્થ બધા જીવો એકબીજાને પરસ્પર ઉપકાર-મદદ-સહાય કરે - એમ થાય છે.

11- ઉપરોક્ત સૂત્રમાં ઉપગ્રહ-ઉપકારનો અર્થ 'સહાય કરવું ઉદાસીન નિમિત્ત' - એવો થાય છે.

12- જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી જુદા છે.

13- નિગોદમાં જીવોની અપેક્ષાએ અને નરકમાં હોતી દશાની અપેક્ષાએ દુઃખ કહેવાય છે.

14- નિશ્ચય અને વ્યવહારની રીત જુદી જુદી છે.

15- આ ગાથાઓ નિયમિત વાંચન, શ્રવણ, ધર્મચર્ચા આદિને કારણે મને જ્ઞાનનું અને ક્રિયાદિનું ભેદવિજ્ઞાન જાણી શકે સિદ્ધ થયું છે.

ઉત્થાનિકા:- હવે આ અર્થનું નિરૂપણ કળશ કહે છે:-

શ્લોક:

(હરિગીત)

આ જ્ઞાન છે ચિદ્રૂપ કિંતુ રાગ તો જડરૂપ છે,
તેથી ઉગ્ર અભ્યાસે વિદારણ ભેદ પાડ્યો આ રીતે;
આ ભેદજ્ઞાન ઉદિત થયું છે અંતરંગે જેમને,
મુદિત બનો હે સજ્જનો! ચિદ્પુંજસ્થિત થઈ હવે. ૧૨૬.

શ્લોકાર્થ: ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ- એ બન્નેનો, અંતરંગમાં દારુણ વિદારણ વડે (અતિ ઉગ્ર ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), ચોતરફથી વિભાગ કરીને (-સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને-) આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને અન્યથી અર્થાત્ રાગથી રહિત એવા હે સત્પુરુષો! તમો મુદિત થાઓ.

ભાવાર્થ:- * ટીકાનો પાછો ટૂંક વિચાર કર્યો. ટીકાનો જ ભાવ છે.

- રાગ શબ્દે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ બધું (લઈ લેવું).

□ "ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ- એ બન્નેનો, અંતરંગમાં દારુણ વિદારણ વડે (અતિ ઉગ્ર ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),"

- અંદર જે રાગાદિ છે એની દિશા પર નજર જાય છે અને જ્ઞાનસ્વરૂપનું પરિણમન એ સ્વ તરફ જાય છે.

□ "ચોતરફથી વિભાગ કરીને (-સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને-) આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;"

- આનું નામ ધર્મ કહેવાય છે. આનું નામ સમ્યગ્દર્શન, આનું નામ સમ્યગ્જ્ઞાન છે.
- ચારે તરફથી વિભાગ કરીને [અંતરંગ] ભેદ પણ રાગના કે શરીરના અંશ આત્મામાં ન આવે, આત્માનો જ્ઞાનાંશ રાગમાં કે શરીરમાં ન જાય.

□ "માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને અન્યથી અર્થાત્ રાગથી રહિત એવા હે સત્પુરુષો! તમો મુદિત થાઓ."

- રાગના વિકલ્પથી, વૃત્તિથી આત્માને જુદો પાડતાં આત્મામાં અતીન્દ્રિય આનંદ આવે ત્યારે એને ભેદજ્ઞાન અને સમકિત થયું કહેવામાં આવે.

□ ભાવાર્થ: "જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલવિકાર હોવાથી જડ છે; પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિકરૂપ થઈ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ-ભાસે છે."

- જ્ઞાન-ચેતના એ [આત્માનું] સ્વરૂપ છે અને શુભ-અશુભ રાગ પુદ્ગલવિકાર હોવાથી જડ છે. અનાદિ અજ્ઞાનને લઈને ચૈતન્યસ્વરૂપ એ જાણે રાગરૂપ થઈ ગયું હોય એમ અજ્ઞાનીને ભાસે છે, રાગથી ભિન્ન છે એ ભાસતું નથી. રાગ હું છું એમ એને ભાસે છે.

□ "જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે, જ્ઞાનમાં જે રાગાદિની કલુષતા-આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ ભાસે છે તે સર્વ

પુદ્ગલવિકાર છે, જડ છે. આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે."

- પોતાનું અસ્તિત્વ ચૈતન્ય છે એ ભાસ્યું નહિ (એટલે) ક્યાંક પોતાની હયાતી તો માનવી પડશે ને? એ રાગ અને દેહના પરિણામ - એ અહંપણે માને છે. [તે જીવ] વાંચીને કે એમ નહિ [પરંતુ] જ્ઞાનસ્વરૂપ [પોતે] અને પર નિમિત્તના રાગાદિની ક્રિયા - બેના લક્ષણો જુદા જાણીને જે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે [તેનાથી] આત્માનું જ્ઞાન જુદું પડે છે. [માટે] પહેલા અભ્યાસ કરે કે હું રાગ નથી, હું ચૈતન્ય છું - એમ રાગાદિ ભિન્ન કરીને [અંદરમાં] ભેદજ્ઞાન કરે - અંદરનો અભ્યાસ કરે.
- આત્મામાં જે રાગ-દ્વેષાદિ ભાવ (દોષ એ) કૃત્રિમ છે, આકુળતારૂપ છે. ભગવાન તો અનાદિ-અનંત અતીન્દ્રિય આનંદ અને શાંતસ્વરૂપ છે. રાગાદિ આકુળતા અને દુઃખરૂપ છે. એમ બેને જુદા (પાડે). રાગ-દ્વેષાદિ ભાવો એ નથી જાણતા પોતાને, નથી જાણતા આત્માને; [પરંતુ તેઓ] પર વડે જણાય છે માટે ઈ જડ છે - એમ સતત અભ્યાસ કરતાં, ભિન્ન પડતાં અને આનંદનો સ્વાદ આવે છે. એ લક્ષણ જાણ્યું.

□ "જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે 'પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ કદી થયો નથી.' માટે આચાર્ય મહારાજે કહ્યું છે કે 'હે સત્પુરુષો! તમે મુદિત થાઓ.'"

- ભિન્ન પડતાં આનંદનો સ્વાદ આવ્યો. સ્વાદ આવતાં જાણ્યું કે આત્મા તો સદાય આવો જ રહ્યો છે, કદી પણ રાગરૂપે થયો નથી. જો આ આત્મા આવોને આવો ન રહેતો હોત તો અનુભવ થયો તે ક્યાંથી આવ્યું? રાગરૂપ થયો હોત તો આ અનુભવમાં કેમ આવે?
- ભાવપાહુડમાં કહ્યું છે કે હે મહાજસ! હે મહાસંત, હે મારા મિત્ર, હે મહાભાગ્ય - એમ કહીને બોલાવે.
- રાગનો આનંદ તો અનંતકાળથી લીધો. હવે ધર્મનો આનંદ લ્યો. ગયો કાળ ભલે ગયો, પણ હવે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવો. એનું સ્વરૂપ જ વીતરાગ છે, જ્ઞાન છે, શુદ્ધતા છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે - એને જાણીને આનંદ કરો, એમાં આનંદ થશે.

□ ટીકા: "આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;"

- ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને - જ્ઞાનને અર્થાત્ આત્માને અણુમાત્ર પણ [અર્થાત્] ગુણ-ગુણીના ભેદનો એક અંશ [એવા] રાગરૂપે નહિ પરિણમાવતું - જ્ઞાનમાં જ્ઞાન ચળે નહિ તેમ રહે છે. સ્વભાવમાં ચળે નહિ એમ રહે છે.
- 'ઉપયોગાત્મક' એટલે ઉપયોગસ્વરૂપ. જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ ઉપયોગ પરિણમનમાં આવીને સ્વરૂપમાં સ્થિર થઈ, જ્યાંથી અતીન્દ્રિય આનંદ ભાસ્યો એમાં રમે છે. શુભ અને અશુભ ઉપયોગ છૂટી જઈને સ્વ તરફનો શુદ્ધ ઉપયોગ થયો ત્યારે આત્મા તે કેવળ ~~આત્મારૂપે રહેતો થકો આત્માને જરા પણ રાગરૂપે કરતો નથી.~~

□ "તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે."

- શુદ્ધ ઉપયોગમાં જ સમ્યગ્દર્શન થાય છે. ભેદવિજ્ઞાન અને આત્માનુભવ બેને

એનું એક જ છે [બન્ને સાથે જ થાય છે].

- જેટલે અંશે અંદરનો આનંદ થાય છે એટલે અંશે રાગ દ્વેષનો અભાવ થાય. મોહનો અભાવ તો થઈ ગયો છે પરંતુ અસ્થિરતા રહી છે એનો (અભાવ કરે છે)
- આ રાગ છે એ આસ્રવ છે. એનાથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરવો એ અનાસ્રવ અને સંવર છે. એનાથી બંધ ફળ આવતું નથી. આત્માનો અનુભવ અને રાગ-દ્વેષ-મોહનો અભાવ એ સંવરનું નિરૂપણ છે.

12-ડિસ-20

## ફકરા-૧૨૬ : દરબારશી

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આગળની ગાથાઓ ૧૮૪, ૧૮૫ની સૂચનાનો આ ફકરા છે.
2. "દારૂણ વિદારણ" અર્થાત્ "ભેદ પાડવાનો ઉગ્ર અભ્યાસ".
3. રાગથી જુદા થતાં આત્માનાં આનંદ આવે જ - એવો કોઈ નિયમ નથી.
4. હું મારી દયાની ક્રિયા પણ છે એમ માનતો નથી.
5. રાગ-દ્વેષના પરિણામને અહીં ચેતનના કહ્યાં છે.
6. રાગ-દ્વેષના પરિણામને અહીં અચેતનના કહ્યાં છે કારણ કે તે ભાવો કલુષિત છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે.
7. રાગ-દ્વેષના પરિણામને અહીં અચેતનના કહ્યાં છે કારણ કે તે ભાવો નથી જાણતા પોતાને કે નહિ જાણતા આત્માને પરંતુ તેઓ પર વડે જણાય છે.
8. મારો આત્મા પૂર્ણપણે રાગરૂપે પરિણમી ગયો છે તે કારણ જ્યારે મને ભેદજ્ઞાન થશે ત્યારે પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ નહિ આવે.
9. જ્યારે મને રાગ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન ૯૯.૯% થઈ જશે ત્યારે મને ૯૯.૯% અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે.
10. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ શુભ ઉપયોગમાં થાય છે.
11. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ શુદ્ધોપયોગમાં થાય છે.
12. પહેલાં ભેદવિજ્ઞાન થાય છે, પછી આત્માનુભવ થાય છે.
13. આત્માનો અનુભવ અને રાગ-દ્વેષ-મોહનો ચારિત્ર અપેક્ષાએ અભાવ - એ સંવરનું લક્ષણ છે.
14. આત્માનો અનુભવ અને રાગ-દ્વેષ-મોહનો શ્રદ્ધા અપેક્ષાએ અભાવ - એ સંવરનું લક્ષણ છે.

## ગાથા - ૧૮૪, ૧૮૫

ઉત્થાનિકા:- હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

ગાથા:
જેમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.
જાણે જ્ઞાની આમ, પણ અજ્ઞાની રાગ જ આતમા ગણે,
આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.

ગાથાર્થ: જેમ સુવર્ણ અગ્નિથી તપ્ત થયું થકું પણ તેના સુવર્ણપણાને છોડતું નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ જ્ઞાનીપણાને છોડતો નથી, - આવું જ્ઞાની જાણે છે, અને અજ્ઞાની અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી આત્માના સ્વભાવને નહિ જાણતો થકો રાગને જ આત્મા માને છે.

ભાવાર્થ:- જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી. આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.

સારાંશ:- હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે? એક જ ફેરો તો ઓળખાણ થઈ જાય છે. કોઈક સમજું તો કહે. કોઈક [જાણ] વાંચનથી થાય, આનાથી થાય. ઉપલબ્ધિનો અર્થ અનુભવ કર્યો.

- જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સ્વભાવથી જ્ઞાની થયો થકો એમ પ્રમાણે જાણે છે :- કેવી રીતે જાણીને જ્ઞાની થયો થકો, એમ નથી કહ્યું.
- જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ (અપરિમિત વિઘ્ન કરવાની શક્તિ હોય પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, કારણ કે હજાર કારણો ભેગાં થવા છતાં [પણ] સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો હોતો નથી કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે! અગ્નિને તપતે જેમ સુવર્ણ સુવર્ણપણું છોડતું નથી એમ કર્મબંધને પ્રતિકૂળતાના ગંજ આવો (જ્ઞાન) નાખવા તો પોતાના સ્વરૂપને છોડતો નથી. આટલા કર્મના ઉદયથી ઘેરાયેલું છે [અર્થાત્] કુટુંબ ને નિંદા ને ગાળો ને છાતરા ને ઢેખા ને વધાર ને દુઃખ (અનેક) ઘેરાયેલો હોય.
- જ્ઞાન જ્ઞાનત્વ [છોડતું નથી અર્થાત્] આત્મા આત્મત્વ છોડતો નથી. સ્વભાવ છે એ કઈ રીતે છૂટે? ચૈતન્ય સ્વભાવ છે, નિર્મળ છે, નિરાકુળ છે. એવા આત્માને કદી છોડતો નથી અને પરવસ્તુને પોતાની માનતો નથી. ઘણી ગમે તેટલી પ્રતિકૂળતા આવે પરંતુ પોતાના આનંદસ્વરૂપને, અનુભવને છોડતો નથી.
- વસ્તુનું અસ્તિત્વ નિત્ય છે, પવિત્ર છે એવું ભાન થયું છે તેથી અપવિત્રતાના પ્રસંગમાં પણ આત્માનું પવિત્રપણું છૂટતું નથી; છોડે તો વસ્તુનો નાશ થાય.

ગાથા-22

- જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને એનાં અનુભવનાં લાભો,
હવે કહે છે કે એ જ્ઞાયકભાવ કેમ જાય? જ્ઞાયકભાવ અજ્ઞાયક થઈ જાય? એ જ્ઞાયકભાવ કેમ રાગરૂપ થઈ જાય? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવરૂપે જ રહે છે.
- 'આવું જાણતો થકો જ્ઞાન જેવી અનંત (ઘોરાતિ, અનંતગુણ પાવન) હોવા છતાં પણ રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.' જેમ અગ્નિ ઉષ્ણતાની પ્રતિકૂળતા. સાગરના તરંગની પ્રતિકૂળતા, છતાં ત્યાં જ્ઞાયકભાવ જ્ઞાન છે [તેમાં] જ્ઞાયકદૃષ્ટિ છોડતા નથી. છોડતો નથી અગ્નિ વિકાર થતો નથી અગ્નિ ખારી થતો નથી.
- આત્મા સિવાય બીજા ઝેર છે એ તો ભાવ રોગ છે. રોગના એ ભાગના પાડવા જે આ પ્રતિકૂળ છે અને આ અનુકૂળ છે એ અજ્ઞાન છે.
- 'આમ જેણે ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન થયું તે તેના આત્માથી અજ્ઞાની થયો હતો, અજ્ઞાન-અંધકાર વડે અવરાયેલ હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો હતો, રાગને જ આત્મા માનતો હતો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને કિંચિત્ અનુભવતો નથી. માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.'
ભેદજ્ઞાનથી જ મુક્તિ થાય, બીજી કોઈ રીતે થતી નથી.

ભાવાર્થ:- 'જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે - આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી!' ઘણીવાર રાગના નિમિત્તે ભિન્ન પડી પોતાને અનુભવે, જાણે અને એમ જાણે કે આ તો કદી 'હું' રાગરૂપ થયો જ નથી, અનંતો જ્ઞાનરૂપ રહ્યો છે.
- આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ થયો છતાં પણ રાગી, દ્વેષી, મોહી થતો નથી. પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. કર્મના નિમિત્તે પ્રતિકૂળતાનો ગંજ આવે, સાગરની લહેર જેવા પ્રતિકૂળતા હો છતાં તે રાગ-દ્વેષ-મોહને પામતો નથી.
- જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ શુદ્ધ આત્માને કદી અનુભવતો નથી. જ્ઞાનસ્વભાવ શબ્દે આખો આત્મા. આખો આત્મા જ્ઞાન અને આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે - આવું જેને જ્ઞાન નથી તે અજ્ઞાની રાગને જ આત્મા માને છે, અનાદિથી ક્રિયાને માને છે, અને મારું સ્વરૂપ માને છે. [પરંતુ] એ ઊંધો રાગ છે, આસ્રવ છે, નવા આવરણનું કારણ છે, વર્તમાન દુઃખરૂપ છે પણ તેનાથી ભિન્નને જાણતો નથી તેથી પોતાને કાંઈક પોતાપણું માનતો થકો! અંતરે રાગથી ભિન્ન ચૈતન્ય ભગવાન જાણવામાં ન આવ્યો અંતરે રાગ છે તે હું છું એમ માન્યું.
- પોતાના જ્ઞાન અને ભગવાન સ્વરૂપને જાણતો નથી તેથી તે રૂપે પરિણમતો નથી. રાગને જાણે છે માટે રાગરૂપે પરિણમે છે. એ રાગને પોતે આત્મા માને છે, રાગના અનુભવને જ આત્મા માને છે
- 'માટે એમ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.' રાગના નિમિત્તથી પણ જુદો, પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, આવું જેને ભેદજ્ઞાન થયું અનાદિ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. વ્યવહારરત્નત્રયથી આત્માનો અનુભવ થતો નથી, પરંતુ આ દૃષ્ટિ કરતાં પછી વ્યવહારરત્નત્રયનો ભાવ આવે એમ જાણે [છે].

# ગાથા-૧૮૪, ૧૮૫: સંવર

પેજ-23

## ① જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. ભેદજ્ઞાની જીવ | A. જાણતો નથી કે આત્માથી રાગદ્વેષાદિક જુદા છે. |
| 2. ભેદજ્ઞાન વિનાનો જીવ | B. જાણે છે કે આત્માથી રાગદ્વેષાદિક જુદા છે. |
| 3. ભેદજ્ઞાની જીવ | A. કર્મોદયના ટાણે રાગ-દ્વેષ-મોહ થાય છે. |
| 4. ભેદજ્ઞાન વિનાનો જીવ | B. કર્મોદયના ટાણે રાગ-દ્વેષ-મોહ થતા નથી. |

## ② સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. ભેદજ્ઞાનથી જ આત્માની ઉપલબ્ધિ થાય છે- એમ કહેવું એ તો એકાંત થઈ જાય છે અને નથી તે જૈન સિદ્ધાંતના અનેકાંત સાથે સુસંગત નથી.
2. ભેદજ્ઞાનથી જ આત્માની ઉપલબ્ધિ થાય છે અને અન્યથા (બીજી રીતે) આત્માની ઉપલબ્ધિ થતી નથી- એ અનેકાંત છે.
3. ઉપલબ્ધિ એટલે ઉપાદેયરૂપ રહેવું.
4. આત્માની ઉપલબ્ધિ એટલે આત્માનો અનુભવ અર્થાત્ આત્માની પ્રાપ્તિ.
5. 'પ્રચંડ કર્મોદય વડે ઘેરાયેલું જ્ઞાન' અર્થાત્ દુઃખ, બીમાર આદિ વડે ઘેરાયેલો જીવ.
6. જો વસ્તુ તેનો સ્વભાવ છોડી દે તો તે અન્ય વસ્તુરૂપ પરિણમે.
7. જ્ઞાની પુરુષનો સ્વરૂપદૃષ્ટિ ઉપરથી પોતાના શુદ્ધ આત્માનો જ અનુભવ છે.
8. સુવર્ણ સુવર્ણપણે છોડતું નથી અને જ્ઞાન જ્ઞાનપણે છોડતું નથી અર્થાત્ સ્વભાવનો કદી નાશ થતો નથી.
9. દરેક જીવ પોતાનું પોતાપણું ટકાવે તે માટે જ આવું જરૂરી નથી.
10. અજ્ઞાનીને રાગથી ભિન્ન ચૈતન્ય ભગવાનનો અનુભવ નથી, તેને રાગનો જ અનુભવ છે તેથી તે પોતાનું અસ્તિત્વ રાગમાં માને છે.
11. ચરણાનુયોગથી આત્માનો અનુભવ થાય છે.

## ગાથા-૧૮૬

**ઉત્થાનિકા:-** હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે? તેનો ઉત્તર કહે છે:-

**ગાથા:-** જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬

**ગાથાર્થ:-** શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.

**ભાવાર્થ:-** જે જીવ અખંડ ધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામે છે; અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે. આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

**સારાંશ:** ઉત્થાનિકા: ધર્મની શરૂઆત શુદ્ધ આત્માના અનુભવથી જ થાય, બાકી ધર્મ ન થાય, એ કઈ રીતે છે? એની સિદ્ધિ કઈ રીતે છે? એમ શિષ્ય પૂછે છે. સંવર=ધર્મ.

- ટીકા: ભગવાન સંવર કેમ થાય? એ કહે છે. 'જે સદાય અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે'- એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે;' : રાગાદિ નિમિત્ત ભેદજ્ઞાન(શિવું) એ અચ્છિન્નધારા છે. એકધારાથી તેને રાગાદિ નિમિત્તનો અનુભવ છે.
- જ્ઞાનમય એવા ભાવમાંથી [અર્થાત્] હું તો જ્ઞાનસ્વરૂપ જ છું, જાણનાર દેખનાર છું એમ જાણનારને તો શુદ્ધ ભાવ જ થાય, અશુદ્ધતા તો થાય જ નહિ. જ્ઞાનની અંદર એકાગ્રતાથી જ્ઞાન થાય, રાગ ન થાય- એટલું કહ્યું છે. જ્ઞાન શબ્દની સાથે શુદ્ધિ, નિર્મળતા, આનંદ થાય. રાગને પોતાનો માને તો રાગ થાય. શુદ્ધને અનુભવે તો શુદ્ધતા આવે- જ્ઞાનને અનુભવતા જ્ઞાન આવે, આનંદને અનુભવતા આનંદ આવે- એ બધી નિર્મળ પર્યાયો સંવર છે.
- [જ્ઞાન અને રાગ] બે એક વસ્તુ નથી, બેની જાત એક નથી. બેની પરસ્પર સ્વરૂપવિપરીતતા છે.
- પરથી ભિન્ન ભગવાન આત્માની જાત અનુભૂતિમાં ઉપાદાન આવ્યું પડ્યું છે. એને શુદ્ધ ભરેલા ભગવાનથી શુદ્ધતા જ પ્રગટે. એને રાગ-દ્વેષ અને મોહ જે આસ્રવનું કારણ, એ એને હોતાં નથી. તેનો નિરોધ થાય છે. જુઓ! આસ્રવનો નિરોધ તે સંવર. એકલી શુદ્ધતા પ્રગટ કરી એટલે એને આસ્રવ આવવાનું રહ્યું જ નહિ, એને આસ્રવનો નિરોધ કર્યો એમ કહે છે. ભાવ-આસ્રવ હોતા નથી તો દ્રવ્ય-આસ્રવ આવે ક્યાંથી?
- અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે'- એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી, અશુદ્ધ આત્માને જ પામે છે.
- હું પરનો કર્તા છું, [પરનું] કરી શકું છું અને દયા, દાનાદિનો રાગ આપણો એ મારો છે- [એમ માનનાર] અશુદ્ધ આત્માને અનુભવે છે. રાગ અને પુણ્યના પરિણામ પોતાના માનીને અનુભવે એને રાગ થાય, દ્વેષ થાય, મિથ્યાત્વ થાય. એ પરિણામ મારા અને મને એમાં લાભ (છે), એ અશુદ્ધ મલિનતાને અનુભવે છે.

- 'માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) જ સંવર થાય છે.'
- છેલ્લા સંવરવાળો શું કીધો? કે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એની પ્રાપ્તિ થાય, ઉપલબ્ધ થાય, અનુભવ થાય તો સંવર થાય.

(ભાવાર્થ:) 'જે જીવ અખંડ ધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામે છે;'

- અખંડ ધારાવાહી જ્ઞાન [એટલે કે] જ્ઞાનધારા અખંડ વહે. ઘડીકમાં રાગની એકતા અને ઘડીકમાં જ્ઞાનની એકતા-એમ નહિ. [એમ] ભેદજ્ઞાન નિરંતર રહે, ફરક પડે નહિ.
- પ્રશ્ન: નિદ્રામાં શુદ્ધિ રહે છે? ઉત્તર: નિદ્રામાં પણ આત્મા અંદર જાગે છે. જાગૃત છે ને? અંદર રાગથી ભિન્ન પરિણમન ભિન્ન પડી ગયું છે એ પરિણમન કેદિ છૂટે? નિદ્રા હોય તોય શું? અને રોગ હોય તોય શું?
- પ્રશ્ન: નિદ્રામાં તો ઉપયોગ શુદ્ધ હોતો નથી. ઉત્તર: ઉપયોગ ભલે અશુદ્ધ હોય, લબ્ધરૂપ પરિણમન નિરંતર વર્તે છે. નિદ્રામાં પણ લબ્ધરૂપ પ્રાપ્તિ નિરંતર છે. ઉપયોગ ભલે પરમાં ગયો છે. છતાં રાગથી ભિન્ન પડેલ જેટલી દશા છે એ દશા તો નિરંતર નિદ્રામાંય હોય છે.
- માતાના પેટમાં પણ આવે-સમકિત અને ત્રણ જ્ઞાન લઈને- ત્યાંય સંવર-નિર્જરા છે. ત્યાં પણ રાગથી ભિન્ન પડેલ ધારા નિરંતર રહે.
- તેને એકાગ્રતાથી આત્મા જેટલા રાગ-દ્વેષ-મોહ છે (તે) રોકાય છે. આત્મા જેમ જેટલો સ્થિર થાય એટલું આગળ વધાય છે.
- 'અને જે જીવ એકાન્તે આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવો રોકાતા નથી તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે.' હું તો પુણ્ય અને પાપના ભાવવાળો છું એમ જુદો અનુભવે છે એ તો જાણ્યો નથી. આત્માનો ધર્મ જ જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ એ તો જાણ્યો નથી. રાગ અને દયાના પરિણામ જાણ્યા [છે] એને ભગવાન આત્માને રાગ-દ્વેષ કરે છે.
- અંદરમાં જ્યાં બુદ્ધિ રાગ સાથે એકત્વ છે ત્યાં બુદ્ધિ અને મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવાસ્રવ છે, એનાથી નવા દ્રવ્યાસ્રવ થાય છે, ત્યાં બુદ્ધિ અશુદ્ધતા જતી નથી.
- પ્રશ્ન: ઉપયોગ બહાર હોય તો આનંદ જણાય? ઉત્તર: લબ્ધિ છે એટલે આનંદ રહ્યા છે.

પ્રશ્ન: જ્ઞાનમાં જણાય? ઉત્તર: જણાય છે ને? ઉપયોગ ભલે બહાર હોય. ઉપયોગ આનંદ ક્યાં જાય?

- 'આ રીતે સિદ્ધ કર્યું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) જ સંવર થાય છે.'

પ્રશ્ન: કોઈ ક્ષેત્રમાં ધર્મ તો ન થાય પરંતુ ધર્મનો આરંભ-અવતાર-અવતાર અવતરણ માને.
ઉત્તર: જરાયે નહિ માને. એ શુદ્ધિના પ્રકાર ત્યારે એને ધર્મનો અવતાર મનાશે.
ખોટીઆગ(પ્રભાવના)માં એને કીર્તિ જેવી કર્યું છે કે શુભ હોય તો નિમિત્તો કહેવાય.
તો ક્યાંક કહેવાય ત્યારે સમજે, એમ. એ તો ક્યાંક સમજે તો નિમિત્ત કહેવાય ને? નહિતર ન કહેવાય. એના ઉપાદાનમાં ભાગ ત્યારે નિમિત્ત કહેવામાં આવે.

## ગાથા-૧૮૬ : ઉપસંહાર:

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:—

1. મને આત્માનો અનુભવ નથી, પરંતુ મારા આગમના જ્ઞાનને કારણે આ ગાથાના કથન અનુસાર હું મારા આત્માને જરૂર 'જાણું' છું.
2. 'જે શુદ્ધ જાણે આત્મને' - ગાથામાં કહેલા 'જાણે' શબ્દનો અર્થ 'વિકલ્પ વડે જાણવું' એમ થાય છે.
3. ગાથામાં કહેલા 'જાણે' શબ્દનો અર્થ 'નિરંતર અનુભવ કરવો' એમ થાય છે.
4. જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણોની નિર્મળ પર્યાયોની ઉત્પત્તિ તે સંવર છે - એમ અહીં કહ્યું છે.
5. 'જ્ઞાનની એકાગ્રતા થતાં જ્ઞાન થાય, રાગ ન થાય' - એ આ ગાથાનું વાક્ય છે.
6. 'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય' - આ કથનમાં ફક્ત જ્ઞાનગુણના પરિણમનની જ વાત કરી છે.
7. ઉપરના કથનમાં જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાન સાથે શ્રદ્ધા, સ્થિરતા, આનંદ આદિનું પણ પરિણમન થાય એમ કહ્યું છે.
8. 'સંવર થાય છે' અર્થાત્ 'દ્રવ્યાસ્રવો રોકાય છે' એમ આ ગાથાના ભાવાર્થમાં કહ્યું છે.
9. 'સંવર થાય છે' અર્થાત્ 'ભાવાસ્રવો રોકાય છે' એમ આ ગાથાના ભાવાર્થમાં કહ્યું છે.
10. સંવર એટલે ધર્મની વૃદ્ધિ.
11. સંવર એટલે ધર્મની શરૂઆત.
12. આ ગાથામાં સંવરની વિધિ બતાવી છે.
13. 'જે અખંડ ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે' - ટીકાનું આ કથન કેવળી અને સિદ્ધ ભગવાન માટે વપરાયું છે.
14. રાગ અને જ્ઞાન બન્ને એક જ આત્મામાં ઉત્પન્ન થતા હોવાથી તે બન્નેની સત્તા એક જ છે એમ આ ગાથામાં કહ્યું છે.
15. મંદ કષાયમાં ધર્મનો chance- અવકાશ- અવસર અવશ્ય મળે છે - એમ અહીં કહ્યું છે.

### (૨)

1- ગૃહસ્થ સમકિતીને અખંડ ધારાવાહી જ્ઞાનથી આત્માનો નિરંતર શુદ્ધ અનુભવ હોતો નથી.
2- ગૃહસ્થ સમકિતીને ક્યારેક જ્ઞાનની એકતા અને ક્યારેક રાગની એકતા હોય છે.
3- નિદ્રામાં શુદ્ધ ઉપયોગ હોતો નથી માટે રાગથી ભિન્ન પડેલ દશા નિદ્રાના કાળમાં સમકિતીને રહેતી નથી.
4- સમકિતીને લબ્ધિરૂપ પ્રાપ્તિ નિરંતર હોય છે, માટે ઉપયોગ પરમાં જાય તે કાળમાં રાગથી ભિન્ન પડેલ દશા તો નિદ્રાના કાળમાં પણ નિરંતર રહે છે.
5- ગર્ભમાં સમ્યગ્દર્શન સાથે ઉપજતા બાળકને માતાના પેટમાં પણ સંવર-નિર્જરા હોય છે.
6- જ્યાં સુધી રાગ સાથે એકતા હોય છે ત્યાં સુધી મિથ્યાત્વ અને રાગાદિ ભાવાસ્રવ રહે છે અને તેથી નવા દ્રવ્યાસ્રવ થાય છે માટે અશુદ્ધતા જતી નથી.

## કળશ-૧૨૭

**ઉત્થાનિકા:-** હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

**કળશ:-** (દોહરા)

ભેદજ્ઞાન અભ્યાસથી કરી પુરુષાર્થ અગાધ,
અનુભવનો નિશ્ચયપણે જો આત્મા નિરાબાધ;
જેમ જેમ સાધના વધે, આનંદ વધતો જાય,
તો પરપરિણતિ રોધન વડે આત્મા શુદ્ધિ લહાય. ક.૧૨૭.

**શબ્દાર્થ:-** કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને નિશ્ચયપણે અનુભવ્યા કરે તો આ આત્મા, જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને પરપરિણતિના નિરોધથી શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ:-** ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો (ભાવાસ્રવોનો) નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.
ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છે:-
• એક તો, જેમાં મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે.
બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે.
• આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે નીચેના ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે. શ્રેણિ ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે.

**સ્વાધ્યાય:-** (શબ્દાર્થ): કોઈ પણ રીતે = અંતરના તીવ્ર પુરુષાર્થથી, ઉગ્ર પુરુષાર્થથી ધ્યેય તરફ વળે.
ન.૨૫૩ • રાગ રહે પરંતુ રાગધારા અને જ્ઞાનધારા જુદી પડે. એક ધારા એક ધારાનું કામ કરે.
• 'દ્રવ્ય' એટલે નિશ્ચય, '[illegible]' એટલે અનુભવ, 'આત્મા' આત્માને કરે.
• પહેલી તો એ વાત છે કે એને આત્માની મહિમા જ આવતી નથી. બાહ્ય દુનિયાદારી વિષે બહુ રસ છે, એની મહિમાનો પાર નથી એવો આ ભગવાન આત્મા અંદર દયા દાનના વિકલ્પથી જુદો પડ્યો છે, પણ એ વાત કેમ બેસે? અનાદિથી નજર બહાર છે, એ રાગમાં રમતો થઈ ગયો છે.
• જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે = જેની આત્મપરિણતિ વધતી જાય છે
• પોતે પોતાનો આત્મા શુદ્ધસ્વરૂપે ભગવાન છે તેને વર્તમાનમાં માનીને, નિરંતર ધારાવાહી અનુભવીને, એને અશુદ્ધિ થતી નથી, તેથી તે શુદ્ધિને પામે છે.
ન.૨૫૪ • (ભાવાર્થ:)
• 'ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો (ભાવાસ્રવોનો) નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.
ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન.' જ્યાં રાગથી આત્મા ભિન્ન પડ્યો

આમાં શુદ્ધિ પરિણામની અંત ધારાવાહી ધારા આવે. શુદ્ધિ અને ભલે થોડું અશુદ્ધિ હોય પરંતુ શુદ્ધિ ધારા નો વિરામ આવે. એ પરોક્ષ ઝાંખર છે. જ્ઞાનાનંદ સ્વભાવની જે પરિણતિ છે એ અત્રુટ ધારા (છે), ધારા તૂટે નહિ.

- તો બે રીતે કહેવાય છે: અંત નો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિપણું ન આવે અને સમ્યગ્દર્શનપણું હોય, ઉપયોગ ભલે પરમાં હોય. મિથ્યાજ્ઞાન ન આવે ત્યાં સુધી આખાય જ્ઞાનધારા કહે છે.
- બીજું, અંત જ સ્વયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ અંત સ્વયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; એની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે. અંત સ્વાત્મસ્વરૂપ તેને સ્વયે ફરી અંદર જ સ્થિર થયું [એ બીજા રીતનું ધારાવાહીપણું] એ ઉપયોગનું ધારાવાહીપણું [છે]. આમાં [પહેલામાં] ઉપયોગ નહોતો - ફક્ત વચન આવતો. બીજું આ. ઉપયોગ અંદર રહેવાને જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે. જ્યાં સુધી આત્મા પોતાના ધ્યાનમાં જ્ઞાન-જ્ઞેય અને જ્ઞાતાના ભેદને ભૂલી અંત ઉપયોગમાં ઉપયોગ પરોવાયો હોય એને પણ અંતર્મુહૂર્ત સુધી ધારાવાહી કહે છે. અંતર્મુહૂર્ત સુધી. એ ઉપયોગને પણ અંતર ધારાવાહી એટલા માટે કહે છે.
- છદ્મસ્થને તો ઉપયોગ અંતર્મુહૂર્ત રહેવાનો છે, [પછી] અંદર રહી ન શકે ત્યારે ત્યાંથી બહાર આવી જાય.
- આ બે અર્થમાં જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે નીચેના ગુણસ્થાનવાળા જીવોને મુખ્યપણે પહેલી અપેક્ષા લાગુ પડે. શ્રેણી ચડનાર જીવને મુખ્યપણે બીજી અપેક્ષા લાગુ પડે, કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ધારાવાહી સમ્યગ્દર્શન થયું એ [પહેલી અપેક્ષા] લાગુ પડે, ઉપયોગ [બીજી અપેક્ષા] નહિ. ઉપયોગ ફેરફાર થાય.
- શ્રેણી ચડનારને ધ્યાન તો અબુદ્ધિપૂર્વક રાગ છે, પણ એ ન ગણે એટલે મુખ્યપણે શુદ્ધ ઉપયોગમાં એકાગ્ર હોય. આઠમા ગુણસ્થાનથી ધારા સ્થિર થાય (એ) સ્થિર થતાં ઉપયોગ ત્યાંથી નીકળે નહિ. ઉપયોગ ત્યાં રહે એની અપેક્ષાએ ત્યાં ધારાવાહી ઉપયોગ કહેવાય છે.
- ધર્મની ધારાના બે પ્રકાર- અંત ઉપયોગરૂપ ધારા રહે. એ તો છદ્મસ્થને અંતર્મુહૂર્ત રહે પછી ખસી જાય. આઠમા ગુણસ્થાનથી ઉપયોગ આવે એ ખસે નહિ. એ ઉપયોગ વધીને પાછો શ્રેણી ચડીને કેવળજ્ઞાન પામે.
- ઉપયોગની અપેક્ષાએ બે. નીચલા ગુણસ્થાનવાળાને ઉપયોગ આવે પણ અંતર્મુહૂર્ત રહે. તરત ખસી જાય અને આઠમા ગુણસ્થાનથી ઉપયોગ આવે (એ) અંત ધારાવાહી ઉપયોગ વધીને કેવળજ્ઞાન પામે.

## ગાથા: ૧૨૭ - ધારાવાહી

[illegible]

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :—

1. હવે પછીની ગાથા ૧૨૮ ને ૧૨૯ની સૂચનિકારૂપે આ ગાથા બનાવી છે.
2. ભાષ્યકારશ્રીના કહેવા 'કિંચ પણ શેત' કથનનો અર્થ ધ્યાનના ચાર પ્રકારો માંથી કોઈ પણ પ્રકારનું ધ્યાન કરીને - એમ થાય છે.
3. 'કિંચ પણ શેત'નો અર્થ 'લીધુ પુરુષાર્થ કરીને' એમ થાય છે.
4. સમકિતીને જ્યાં સુધી રાગ વિદ્યમાન હોય ત્યાં સુધી રાગધારા અને જ્ઞાનધારા બન્ને ન હોઈ શકે.
5. ધારાવાહી જ્ઞાન અર્થાત્ પ્રવાહરૂપ અતૂટ જ્ઞાન.
6. ધારાવાહી જ્ઞાનમાં શુદ્ધતા અને અશુદ્ધતા એ બન્ને એક સાથે ન હોઈ શકે.
7. ભેદવિજ્ઞાન દ્વારા કોઈ પ્રકારની જ્ઞાનાનંદસ્વભાવની પરિણતિની અતૂટ ધારાને અહીં ધારાવાહી જ્ઞાન કહ્યું છે.
8. જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન તે (પહેલા પ્રકારનું) ધારાવાહી જ્ઞાન છે.
9. જેમાં ઉપયોગ સ્વરૂપમાં ઉપયુક્ત રહે તેને (બીજા પ્રકારનું) ધારાવાહી જ્ઞાન કહે છે.
10. ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવને બીજા પ્રકારનું ધારાવાહી જ્ઞાન હોય છે.
11. આઠમા ગુણસ્થાનથી શ્રેણી ચઢનાર જીવને બીજા પ્રકારનું ધારાવાહી જ્ઞાન હોય છે.
12. જ્યાં સુધી આત્મા પોતાના ધ્યાનમાં જ્ઞાતા-દૃષ્ટા અને જ્ઞાનના જોરે ઝૂલે અને ઉપયોગમાં ઉપયોગ પડ્યો હોય એને પણ અંતર્મુહૂર્ત સુધી બીજા પ્રકારનું ધારાવાહી જ્ઞાન હોય છે.

ઉત્થાનિકા:- હવે પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છે:-

ગાથા:-

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી. ૧૮૭
જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-
-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮
તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી બને,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯

ગાથાર્થ:- આત્માને આત્મા વડે બે પુણ્યપાપરૂપ શુભાશુભયોગોથી રોકીને દર્શનજ્ઞાનમાં સ્થિત થયો થકો અને અન્ય (વસ્તુ)ની ઇચ્છાથી વિરમ્યો થકો, જે આત્મા, (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, (પોતાના) આત્માને આત્મા વડે ધ્યાવે છે- કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, (પોતે) [1]ચેતયિતા (હોવાથી) એકત્વને જ ચિંતવે છે- ચેતે છે- અનુભવે છે, તે (આત્મા) આત્માને ધ્યાતો, દર્શનજ્ઞાનમય અને [2]અનન્યમય થયો થકો અલ્પ કાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.

ભાવાર્થ:- જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચલવા ન દે, પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચલ કરે અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે, તે જીવ આત્માને ધ્યાવવાથી દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે. આ સંવર થવાની રીત છે.

સારાંશ: (ઉત્થાનિકા) સંવર અર્થાત્ ધર્મની પહેલી શુદ્ધિ. નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ છે. પર્યાયમાં
(પ્ર. ૨૫૪) અનાદિથી રાગની અશુદ્ધિ છે, આસ્રવ છે, ભાવાસ્રવ છે. હવે શિષ્ય પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય? જુઓ, આ પ્રશ્ન તો અંતરનો છે કે એનો પ્રકાર શું રીતે છે?

(ટીકા:) 'જે જીવ રાગદ્વેષ મોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગોમાં વર્તતા આત્માને દૃઢતર (અતિ દૃઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને...'

- મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ શુભાશુભ ભાવની ઉત્પત્તિનું મૂળ છે એમ કહે છે.
- એકલું દૃઢ લખ્યું નહિ, તેમ દૃઢતમ ન લખ્યું. દૃઢતર વચલો બોલ લખ્યો.
- એની મેળાએ રોકાય નહિ, એમ કહે છે. પોતાનો ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ, તેનો આશ્રય લઈને એના અવલંબનથી દૃઢપણે રાગ-દ્વેષ-મોહને અટકાવે છે. અટકાવે છે- એ તો ઉપદેશનાં કથન. અટકી જાય છે. શબ્દ તો આવે, ઉપદેશ શૈલી છે ને?
- 'શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત કરીને...' હવે આત્મા કોણ છે (એ) પહેલું સિદ્ધ કર્યું: આત્મા એટલે શુદ્ધ દર્શન જ્ઞાનરૂપ તે આત્મા. દયા, દાન, પુણ્યના વિકલ્પ છે એ કાંઈ આત્મા નહિ, એ અનાત્મા છે.
- આત્મા ભગવાન તો, રાગથી માંડીને તે બધાં જ્ઞાનના, દર્શનના રસ અને દળ છે. ભગવાન

---

1. ચેતયિતા = ચેતનાર; દેખનાર- જાણનાર (ચેતવું = અનુભવવું, જાણવું- દેખવું).
2. અનન્યમય = અન્યમય નહિ એવો

આત્મા દર્શન, જ્ઞાનરૂપ છે, જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે.

- પ્રશ્ન: શુદ્ધિ એટલે શું? ઉત્તર: શુદ્ધિનો અર્થ પવિત્ર છે.
- શુભ અને અશુભ ભાવ અશુદ્ધિ છે એ અશુદ્ધિને શુદ્ધિ ભાવથી રોકીને.
- આચાર્યોના હૃદય- અભિપ્રાય નો ભંડારદાર છે. એ નો દેનાર ઉપાધ્યાયો રોકીને સ્વરૂપની પ્રાપ્તિ પુરી કરી લેજે.

- એટલો પ્રતિક્રમણ શબ્દ નો ભાવાર્થ. 'મારી રીતે પ્રતિક્રમણ' - મારી રીતે સ્થિર થઈને. પ્રભુ દર્શન અને જ્ઞાન અને આનંદરૂપ છે તેમાં મારી રીતે ઠરીને- સ્થિર થઈને.
- '<u>સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને, નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો, પર-નિમિત્તના જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ</u> આત્મા વડે ધ્યાતો થકો, ...' . પોતાના આત્મા સિવાય જેટલા પરમાત્માઓ અને પરશરીરો, પરદ્રવ્ય (છો), એ બધા પ્રત્યેની ઇચ્છાના ત્યાગ વડે [સર્વ સંગથી રહિત થાય છે].
- જ્યાં હોય ત્યાં તું પરથી તો રહિત જ છો. પરમેશ્વર તો અંદર ઇચ્છાથી પણ રહિત જ મારું સ્વરૂપ છે. ઇચ્છા મારામાં છે જ નહિ પછી ત્યાગ અને રાખવું ક્યાં રહ્યું? પરંતુ સ્વરૂપમાં ઠરે ત્યારે ઇચ્છા ઉત્પન્ન થતી નથી એટલે એને રોકે છે એમ કહેવામાં આવે છે, ત્યાગ કે ગ્રહણ છે ક્યાં તે? એ (ઇચ્છાનો) નિરોધ કરે છે, એમ
- સર્વ સંગથી રહિત થઈને [અશુદ્ધિ] અંદર જે રાગ છે ત્યાંથી ખસીને નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો પર અને શરીરાદિ, વાણી આદિ ખસીને અડક્યા વિના પોતાના આત્માને જ કે જે શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ છે તેને આત્મા વડે [અશુદ્ધિ] એ શુદ્ધ દર્શન-પર્યાય વડે.
- '<u>પોતાને સહજ એકચિન્માત્રપણું હોવાથી એકત્વને જ એતે છે (-જ્ઞાનચેતનારૂપ રહે છે)</u>,...'
- પહેલાં દર્શન-જ્ઞાન કહ્યું હતું ને? હવે ભેગું લીધું. એકચિત્ત- એ તો જાણનાર-દેખનાર જ છે, ભાઈ! જ્ઞાનને ચેતનારો છે. જ્ઞાનને ભૂલનારો નહિ, જ્ઞાનમાં ભળનારો નહિ, જ્ઞાનથી કાંઈ બીજું નહિ, જ્ઞાનથી નિરાળો ચેતનારો જ્ઞાન ભગવાન છે.
- અહાહા! જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનને ચેતે છે- અનુભવે છે. એટલું જ્ઞાનને અનુભવે.
- ૧૭ ગાથામાં કીધું. પહેલું શું? પહેલો આત્માને જાણવો. પહેલો નવ, નિક્ષેપથી જાણવો એમ કાંઈ કહ્યું નહિ. ભગવાનઆત્મા એને જેવો તું જાણે છો એને જ રાખ એને પહેલો જાણ.
- જ્ઞાનની ભેદ રૂપને ઉપાદાને રાખે છે. એમાં કાંઈ દોષ-અદોષ એવું કાંઈ હોય નહિ. એથી એકચિન્માત્રપણું હોવાથી એ એકત્વને જ ચેતે છે, એકપણાને જ જાણે છે જાણનારને જાણવામાં બીજાની જરૂર નથી. એકરૂપ ભેદ રૂપને રાખે નહીં છે.
- રાગચેતના- કર્મચેતના અને કર્મફળચેતના. રાગની ચેતના અનુભવવું એ કર્મ-ચેતના. એના દુઃખના ફળનો અનુભવ કરવો એ કર્મફળચેતના. એ તો અનાદિથી રાગનું કર્મચેતનાપણું કરતો આવે છે. એ તો સંસાર છે. મિથ્યાદૃષ્ટિ છે એ તો રાગને જ વેદે છે, ભાઈ! ત્યાગને વેદે છે. તેને છોડી દઈને [- જ્ઞાનચેતનારૂપ રહે છે].
- <u>તે જીવ પરમાર્થ, એકત્વ-ચેતના વડે શુદ્ધિ એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી)</u>

અત્યંત ભિન્ન સૌન્દર્યસંપન્નમય આત્માને દેખતો, શુદ્ધ દર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો, અલ્પકાળમાં જ સર્વ કર્મથી રહિત આત્માને પામે છે. આ સંવરનો પ્રકાર (રીત) છે.

- સંવર કયા પ્રકારે થાય છે? તે પ્રકારની વાત ચાલે છે.
- પોતાના દ્રવ્યના અસ્તિત્વ-ચેતન વડે - પોતાના દ્રવ્યના જાણવા-દેખવાના સ્વભાવ વડે.
- અરિહંતપણાનો જ અનુભવ, જેમાં કોઈ વિકલ્પ, ભેળ રાગ નહિ - એવા અનુભવ વડે.
- સૌન્દર્યસંપન્ન - અહો! જેને જ્ઞાનની દશામાં આત્મા જાણ્યો થાય, જેના દર્શનમાં આત્મા દેખ્યો થાય. દુનિયામાં સુંદર હોય તો આ છે.
- આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો (કેવું છે), કેવું? ગુણને નહિ, પર્યાયને નહિ. પરદ્રવ્યથી, ઈચ્છાથી ખસ્યો અંદર સ્વદ્રવ્યમાં આવ્યો, અહો! આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો એમાં અનંતા ગુણ આવી ગયા.
- શુદ્ધ આત્માનો અનુભવ એ સંવર. શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ અને ઉપયોગ જ્યાં પરદ્રવ્યથી અતિક્રાંત (અટકે) થયો પછી. અલ્પકાળમાં એ પરમાત્મા થાય છે. (જેને) આવું હોય [તેને] કેવળ પામવાને લાંબો કાળ હોય નહિ. તેનાથી એમાં જ આવી જાય છે. એના ઘરમાં આ અનુભવ છે, એને ઘરમાં કેવળજ્ઞાન લેવાને કોઈ જ વાર હોય.
- સંવર થવાની આ વિધિ છે. જ્યાં સુધી પરનું કાંઈપણ માને છે, એનાથી હીત માને છે, ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ગુરુદેવશ્રીમાં જેનાથી સંપૂર્ણ [અપૂર્ણ નહિ] જ્ઞાન-દર્શનમય ભગવાન, તેને [આ રીતે] પામે છે.
- (ભાવાર્થ:) 'જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચલવા ન દે...' ! પરદ્રવ્ય અને પરદ્રવ્ય તરફના વલણનો રાગ એનાથી ભેદજ્ઞાન કરતાં જ્ઞાનનું ચૈતન્ય જ્ઞાનમાં રહે, રાગ અને પરદ્રવ્યમાં ન જાય -
- 'પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ તેને જ અનુભવ્યા કરે કોઈ તેના જ ધ્યાનમાં રહે...'; ચલે નહિ, આમ સ્થિર થાય.
- નિર્જરા તો છે જ ને! (અટકે) મુક્ત. મુક્ત આવ્યા હોય એમ કહે છે! ..... આ સંવર થવાની રીત છે!
- સમ્યગ્દર્શન એ દશામાં જ પ્રાપ્ત થાય છે, વિકલ્પના વ્યવહારમાં નહિ. વસ્તુ પોતે ભગવાનસ્વરૂપ છે, એનો એને ભગવાની પર્યાયનું ધ્યાન (યોગ) એમાં જ ઈ માટે પ્રાપ્ત થાય.
- આત્મા સિવાય જેટલા દ્રવ્યો, શરીર આદિ ઉપાધિ જુદી જ છે, પરંતુ ઈચ્છાથી જ્યાં છૂટી ગયો તો પછી પરદ્રવ્યથી છૂટી ગયો. ઈચ્છા અને પરદ્રવ્યથી પાછો વળ. તારા અનંત ગુણથી ભરેલો છો. આવું આત્માનું માહાત્મ્ય કેમ આવે?
- અહો! શુદ્ધ જ્ઞાનદર્શનમય આત્માને પરદ્રવ્યથી ભિન્ન ચેતતો - અનુભવતો - ધ્યાતો - સ્થિર થઈને અલ્પકાળમાં પૂર્ણપરમાત્માને પામે છે. અલ્પકાળમાં જેવો આત્મા છે તેવો પામે છે.
- પુણ્યના પ્રેમીઓ વિષયના ભોગવવાના પ્રેમીઓ છે.

## ગાથા-૧૯૭ કે ૧૯૮ : ઇચ્છાચારી

(૧) સાચું કે ખોટું (T/F) જણાવો:—

1. જે સર્વસંગથી રહિત હોય છે તે અન્ય વસ્તુની ઇચ્છાથી વિરક્ત છે.
2. જે અન્ય વસ્તુની ઇચ્છાથી વિરક્ત છે તેને સર્વસંગથી રહિત કહેવાય છે.
3. સોનગઢના સંતને ફક્ત દેખનાર.
4. સોનગઢના સંતને ફક્ત જાણનાર.
5. સોનગઢના સંતને દેખનાર-જાણનાર.
6. શુભાશુભ ભાવ મિથ્યાત્વ અને રાગદ્વેષની ઉત્પત્તિનું મૂળ છે-એમ અહીં કહ્યું છે.
7. મિથ્યાત્વ અને રાગદ્વેષ શુભાશુભ ભાવની ઉત્પત્તિનું મૂળ છે-એમ અહીં કહ્યું છે.
8. 'રાગદ્વેષમોહને અનર્થ રોગ છે' અહીંયાં અચરજ છે- આ ઉપદેશની ટીકા છે.
9. 'આત્માનું દૃઢપણે અવલંબન લેતાં રાગદ્વેષમોહની ઉત્પત્તિ થતી નથી'- આ દ્રવ્યાનુયોગની ટીકા છે.
10. સ્વરૂપમાં સ્થિર થતાં ઇચ્છાની ઉત્પત્તિ થતી નથી-તેને ઇચ્છાનો નિરોધ કહેવામાં આવે છે.
11. સમયસાર ગાથા ૧૭ ની ટીકામાં આત્માને સૌ પ્રથમ જાણ અને નિઃશંક જાણવો-એમ કહ્યું છે.
12. 'અનંતકાળથી એક છે' - ટીકાના આ કથનનો અર્થ 'જગતમાં અનંત રાજાઓ ઠીક-અઠીક એવા ભેદ પાડ્યા વિના અનંતકાળે જ જાણે છે' - એમ થાય છે.
13. રાગની કર્તાનો અનુભવ કરવો તે કર્મફળચેતના છે.
14. રાગના ફળસ્વરૂપ દુઃખનો અનુભવ કરવો તે કર્મચેતના છે.
15. આ ગાથામાં સર્વ પરિગ્રહ રહિત આત્માને પામવાની રીત બતાવી છે.

## કળશ-૧૨૮

ઉત્થાનિકા:- હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

કળશ: (દોહરા)

ભેદજ્ઞાનના બળ થકી નિજ મહિમામાં લીન
રહે, સદા તે જીવને તત્ત્વપ્રાપ્તિ નિશ્ચયે;
પ્રાપ્તિ થી નિજ તત્ત્વની પરદ્રવ્યોથી દૂર
વર્તે, જાય જે તેહનો અક્ષય મોક્ષ જરૂર. ક.૧૨૮.

ભાવાર્થ: જેઓ ભેદજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે તેમને નિયમથી (ચોક્કસ) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે; શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં, અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને, અક્ષય કર્મમોક્ષ થાય છે (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે).

સારાંશ:

- સમકિતીનું રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાનમાં લીન રહે છે. રાગ સાથે પરંતુ ભેદજ્ઞાનના બળથી તે રાગમાં એકત્વ થતો નથી, તેમાં પોતાનું સ્વરૂપ છે એમ માનતો નથી, આત્મ નિજ સ્વરૂપના મહિમામાં લીન રહે છે. તેમને શાશ્વત શુદ્ધ તત્ત્વનો અનુભવ અર્થાત્ શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.
- શુદ્ધ દર્શન-જ્ઞાનસ્વરૂપનો અનુભવ થતાં, ચળે નહિ એ રીતે સમસ્ત દ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને — સમસ્ત દ્રવ્યોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ આવી ગયા — ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે.
- ધીરજથી એને પરદ્રવ્યથી આત્માને ભિન્ન પાડીને ભિન્ન આત્માનો જે અનુભવ કરે, એમાં સ્થિર થાય, એમાં જામી જાય તો તેને અલ્પ કાળમાં મુક્તિ થાય.
- એક વાર નિર્ણય એવું દૃઢ કરવો પડી જશે. કર્મો ક્ષય કરવા એ હેતુ એવો સોય જાતનું ફરી પડી રહેવું નહિ.

# ક્રિયા-૧૨૮ : ઈર્યાવહી

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આ ક્રિયા હવે પછીની ગાથા ૧૯૦ થી ૧૯૨ની સૂચનારૂપે લખાયો છે.
2. જ્ઞાનીને રાગનો અનુભવ હોતો નથી.
3. જ્ઞાનીને રાગ આવે છે પરંતુ મોહરાગના ઉદયે તે તેમાં આસક્ત હોતો નથી, તેને પોતાનું સ્વરૂપ માનતો નથી.
4. શુદ્ધાત્મની ઉપલબ્ધિ વિના અતીન્દ્રિય નિર્જરા થઈ શકે નહિ.
5. મોહરાગની શક્તિ વડે નિજ સ્વરૂપના મહિમામાં લીન રહ્યા વિના શુદ્ધાત્માની ઉપલબ્ધિ થઈ શકે નહિ.
6. મોહરાગ જ મુક્તિનું કારણ છે.

# ગાથા - ૧૯૦ થી ૧૯૨



ઉત્થાનિકા:- હવે પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છે:—

ગાથા:-
રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
- મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમજ યોગને. ૧૯૦.
હેતુ અભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.
કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન બને
નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.

ગાથાર્થ: તેમના (પૂર્વે કહેલાં રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) હેતુઓ સર્વદર્શીઓએ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતભાવ અને યોગ — એ (ચાર) અધ્યવસાન કહ્યાં છે. જ્ઞાનીને હેતુઓના અભાવે નિયમથી આસ્રવનો નિરોધ થાય છે, આસ્રવભાવ વિના કર્મનો પણ નિરોધ થાય છે, વળી કર્મના અભાવથી નોકર્મનો પણ નિરોધ થાય છે, અને નોકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.

ભાવાર્થ:- જીવને જ્યાં સુધી આત્મા અને કર્મના એકપણાનો આશય છે — ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે, અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે, આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા અને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે, આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે. — આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.

સારાંશ: (ઉત્થાનિકા:) પહેલાં [ગાથા ૧૮૭ થી ૧૮૯-માં] કઈ રીતે [પ્રકારે] થાય એમ હતું. હવે એનો (પા.નં.૨૫૭) ક્રમ શું છે? (એમ પૂછે છે). પહેલામાં તો સંવર થવાની પદ્ધતિ શું છે? (એમ પૂછેલું હતું). અહીં કહે (છે) કે, સંવરનો ક્રમ શું છે? સંવરનો ક્રમ કઈ રીતે થાય? પહેલું શું થાય અને પછી-

(પા.નં.૨૫૪) (ટીકા:) 'પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) — શું થાય? જેનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...' • પહેલાં (ગાથા ૧૮૭ થી ૧૮૯-માં) કહ્યું હતું કે રાગદ્વેષ મોહ જેનું મૂળ છે એવા શુભાશુભભાવ, એનો ભેદજ્ઞાન દ્વારા અભાવ કરવો. અહીં કહ્યું કે 'આત્મા અને [ભાવ]કર્મના એકપણાનો અધ્યાસ' — રાગાદિ પરિણામ અને સ્વભાવ બેય એક છે, એવો જે અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે.

- આત્મા અને કર્મના એકપણાના અધ્યાસથી એને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય સાથે એકત્વબુદ્ધિ થાય છે. રાગ સાથે એકત્વબુદ્ધિ એ કર્મ સાથે એકત્વબુદ્ધિ છે. એ એકત્વબુદ્ધિને કારણે, અભિપ્રાયથી જેના રાગદ્વેષ અને મોહ, એ આસ્રવભાવનાં કારણ છે.
- આસ્રવભાવ કર્મનું કારણ છે. નિમિત્ત ગણ્યું છે. આસ્રવભાવ જે છે એ કર્મનું [નવાંના] કારણ છે, એનાથી કર્મ બંધાય છે. એ રાગ-દ્વેષ-મોહ આસ્રવ નવા આવરણનું કારણ છે. આમાં યોગ પણ લીધો છે. શુભાશુભ યોગ.

પ્રવચન-37

- પહેલાં (ગાથા ૧૮૭ થી ૧૯૦માં) કહ્યું હતું કે રાગ-દ્વેષ-મોહ એનું મૂળ છે એવા જે [શુભાશુભ] ભાવો. એ રાગ છે તે આસ્રવ છે અને એને નિમિત્તે બંધ છે અને એને લીધે સંસાર છે. અહીં કહે છે કે રાગ-દ્વેષ અને મોહ એ આસ્રવભાવનું કારણ કેમ ઉત્પન્ન થયા? કે આત્મા અને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગસ્વરૂપ અધ્યવસાનો ઉત્પન્ન થયા.

---

- જેટલું આત્મા સિવાય પરદ્રવ્યનું અવલંબન (એ જ તેનો અપરાધ છે).
- જે મોહ આસ્રવભાવ છે તે નવા કર્મનું કારણ છે.
- 'કર્મ નોકર્મનું કારણ છે': કર્મ છે એ શરીરનું કારણ છે. અને નોકર્મ સંસારનું કારણ છે.' શરીર એ સંસારનું કારણ છે. ભિન્ન-ભિન્ન સંબંધ લીધો. બાકી તો સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે. પણ અહીં તો કર્મ અને ઉપાધિને ભિન્ન-ભિન્ન સંબંધ બતાવ્યો છે. આનો ભાવ! શૈલિ, ધીરજથી વિચારે ને મનન કરે ત્યારે સમજાય એવો ભાવ છે.
- ટીકા-સારાંશ એ કે આત્મા, આત્મા અને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય પોતાને માને છે (અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે); તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે, તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.'

1. આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ [મૂળ કારણ]

↓

2. મિથ્યાત્વાદિ અધ્યવસાન = આત્માને મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગમય માનવો એ આસ્રવભાવનું કારણ

↓

3. રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ [ભાવાસ્રવ]

↓

4. નવા કર્મનું આવવું [દ્રવ્યાસ્રવ]

↓

5. નોકર્મની પ્રાપ્તિ [શરીરનું મળવું]

↓

6. સંસારની ઉત્પત્તિ [ઇન્દ્રિયોના વિષયો તરફના વલણવાળા વિકારી ભાવ]

- કેમ કહ્યો, કેમ. જુઓ! અહીં એક બોલના ભિન્ન કારણ આપ્યા. શરીર છે, આ પાંચ ઇન્દ્રિયોના વિષય રસો અને એ કારણે સંસાર છે.
- આત્મા તો જ્ઞાતા-દ્રષ્ટા આનંદકંદ પ્રભુ એકનો જાણનાર છે. એને એ માનતો નથી. તેથી અજ્ઞાનીને આ યોગમય આદિને પોતાના માને છે. સ્વરૂપને માનતો નથી તેથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય અને આત્મા માને. આત્મામાં [શુભાશુભ] પરિણામ ઉત્પન્ન થાય છે તે મારા [તેને] આત્માના છે એમ માને, [તે] મિથ્યાત્વ છે. અને જ્યાં પોતાના માને તેની ભાવના કર્યા કરે તે રાગાદિની ભાવના કર્યા કરે છે. શુભભાવની વૃદ્ધિ કરવાની ભાવના ભાવે છે. તેથી નવું કર્મ આવે, કર્મથી શરીર મળે અને પાંચ ઇન્દ્રિયના વિષય તરફ વલણવાળા ભાવો વિકારમય, સંસારમય ભાવ થાય.
- પરંતુ જ્યારે (આ આત્મા) આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે-અનુભવે છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને

યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણ છે તેનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે; આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે; કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે સંવરનો ક્રમ છે! સંવર-35

- હવે સંવર કરવાની રીત કહે છે – સંવર કરવાનો ક્રમ બતાવે છે.

1. | આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધાત્માની ઉપલબ્ધિ |

↓

2. | મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનોનો અભાવ |

↓

3. | રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવોનો અભાવ [ભાવાસ્રવનો નિરોધ] |

↓

4. | [નવા] કર્મનો અભાવ [દ્રવ્યાસ્રવનો નિરોધ] |

↓

5. | નોકર્મનો અભાવ |

↓

6. | સંસારનો અભાવ |

- અનાદિથી ચક્કર છે એનું કારણ આ – આત્મા અને કર્મની એકત્વબુદ્ધિ, અને પછી રાગદ્વેષમોહ, અને પછી કર્મ, અને પછી શરીર, અને પછી સંસાર. [હવે ઉલટું બતાવે છે.] અહીંયાં અંતરંગ આત્મા અને કર્મના એકપણાનો અધ્યવસાય. અહીં આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે, અહીં રાગદ્વેષ-મોહનો અનુભવ છે, આ શુદ્ધ ચૈતન્ય-ચમત્કારમાત્રનો અનુભવ છે.
- એનો એવો ચમત્કાર છે કે સ્વજ્ઞેયમાં રહેલો હોવા છતાં અનંતા પરજ્ઞેયને અને અનંત પર્યાયને એક સમયમાં જાણી લે એવી તાકાત છે. એવી એક સમયની તાકાત એવી અનંતી સમયની તાકાત એક ગુણની, એવા અનંત ગુણનું રૂપ એક આત્મા છે.
- વાહ વાહ પોતાની મહિમા ન આવે ત્યાં ત્યાં પરવસ્તુની મહિમા અને અધિકતા આવે.
- જ્ઞાનને ભરોસો, આનંદને ભરોસો, શાંતિને ભરોસો, પૂર્ણસ્વરૂપનો ચમત્કાર જો. એક ક્ષણમાં જ્ઞાનમાં બધું જણાય, એક ક્ષણમાં જે અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે એવો ચૈતન્યચમત્કાર! કોણ છો તું? ક્યાં છો? કેવો છો? તારી દશાની જ ન જાણની દશાની જણાય છે. કારણ બધા જીવની વિચાર કરે, એ બધાને ભગવાન પરની મહાર થતા જાણે છે.
- ૧૭મી ગાથા. પુદ્ગલ આત્માને જાણવો. એકદમ ઘડાઈને! પહેલું વાંચ્યું, સાંભળ્યું અને
- ચૈતન્યચમત્કારમાત્ર કેમ કહ્યું? [કારણ કે] બિલકુલ રાગનો અંશ નહિ. એમ નહિ.
- નિરપેક્ષ તત્ત્વ છે ભગવાન! એને વ્યવહારની, પરની અપેક્ષા નહિ. ભગવાનની, તેની વાણીની પણ અપેક્ષા તેને નહિ. આત્માના [illegible] પ્રાયે નિરપેક્ષ છે.
- જ્ઞાનીનો અંતરનાં દ્રવ્યગુણપર્યાય – ઇ ભિન્નતા કહ્યું છે. ઇ જાતિ તેનું બધું એમ કહ્યું છે, આત્માથી નહિ. પછી એને છોડી દઈને અંદરમાં જાય. અંદરમાં જઈને પણ એને

તો છોડે છે અને પોતાની પરિણતિ પણ ગુણોમાં-દ્રવ્યમાં જોડવે, સંવર-૩૯
ગુણને દ્રવ્યમાં જોડવે ત્યારે [અનુભવ] થાય છે.

• સમુચ્ચય વાત તેની આવી ગઈ ખરી? ક, આત્મા પોતાની શક્તિથી કે અનુભવથી પરિણતિ પાછી વાળે છે, પુરુષાર્થ કરે છે, પહોંચાય વળે છે. અહીં તો ભેદજ્ઞાન કરવાની વાત છે.

• (જ્ઞાન અને રાગ) જુદા પડી શકે છે માટે જુદા છે. એક હોય તે જુદા કઈ રીતે પડી શકે? જ્ઞાન અને આત્માને જુદા કરી નાખો તો શું રીતે જુદા થાય? અભેદભાવ નથી કે જુદા છે એ જુદું અંદર. તે પુદ્ગલનું અભ્યાસ એમાં નથી, અભેદભાવનું અભ્યાસ એમાં છે.

• 'અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે. એમાંથી જુદો પડો એટલે હવે એની જાતના રહી નહિ. એના ભાવનો અભાવ થાય છે.

• બહાર દેખાય છે તેવું કે, પણ બહાર અનુભવાઈ કે મિથ્યાત્વ એ સંસાર છે. [ત્યારે] અનુભવાદિના પરિણામ છે એ બધા અભાવ છે-શિષ્ટિ, રસ અડધ છે અને એનું ભોગવાય છે [માટે] એની જાગૃતી ન કરો. અહીં તો એકત્વસ્વરૂપ ભગવાન આત્મા રાગથી ભિન્ન પાડીને આત્માને પ્રાપ્ત કરવો. આત્મા પ્રાપ્ત થતાં આસ્રવ રહેશે નહિ, એટલે કર્મ રહેશે નહિ, એટલે નોકર્મ રહેશે નહિ એટલે સંસાર રહેશે નહિ. [માટે] પહેલું ભેદજ્ઞાન કરવું. ભગવાન આત્મા અને ભિન્ન [રાગાદિ] એક નથી છે, એ બંને જુદા છે તેને નાખી એ જ સંવરના કારણમાં પહેલા રીત છે.

ગા.-૨૫૯) • (ભાવાર્થ:)- "જ્યાં સુધી આત્મા અને કર્મના એકપણાનો આશય છે—ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે,.."

• [જ્યાં સુધી] રાગ સાથે આત્માને એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો ગંધ પણ અંશ—રાગઅંશ હો કે શરીર કે કર્મ—સાથે એકત્વબુદ્ધિ છે—ભેદવિજ્ઞાન નથી—એ જુદા નથી પરંતુ એકપણાની માન્યતા એ મિથ્યાત્વ છે.

• જ્ઞાન દોષ તેથી રાગ સાથે, અવિરતિ સાથે, કષાય સાથે અને યોગ સાથે એકત્વબુદ્ધિ વર્તે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. 'એ અધ્યવસાનોથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે.'

• આત્મા અને વિકાર બે ભિન્ન છે છતાં એ બેમાં એકત્વબુદ્ધિ થાય છે એ અધ્યવસાનથી રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવભાવ થાય. 'આસ્રવભાવથી કર્મ બંધાય.' આ તો એનો ક્રમ કહે છે. રાગદ્વેષ મોહ ભાવથી આસ્રવ થાય—નવા આવરણ આવે અને તેથી કર્મ બંધાય. 'કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે.' એ કર્મને લઈને આ શરીર, વાણી ઉત્પન્ન થાય. જ્યાં સુધી એ રાગને અધિક રાગની ક્રિયાને પોતાના માને છે ત્યાં સુધી એ અધ્યવસાય ચાલુ કરતા છે એ કર્મ છે તે નોકર્મ—શરીરનું કારણ છે. 'અને નોકર્મથી સંસાર છે.' શરીરથી સંસાર છે, કારણ કે એના પર લક્ષ જતાં એટલે એના પાંચ ઇન્દ્રિયોના વિષય તરફ (ઉપયોગ જાય છે) ઝુકાવ કે અનુકૂળ છે—એ સંસાર છે.

• 'પરંતુ જ્યારે તેને આત્મા અને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે,..' • હવે ઝીણી વાત છે. પુદ્ગલમાં પુદ્ગલ ભેદવિજ્ઞાન કરવું એ મૂળ રસ્તા છે. રાગનો અનુભવ છે તેને એ છોડીને આત્માનો અનુભવ કરો એ ભેદજ્ઞાન થયું! આત્મા અને કર્મનું ભેદજ્ઞાન થાય (ત્યારે શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય) એ સંવર થવાનો—ધર્મ થવાનો ક્રમ છે. પુણ્ય અને પાપના વિકલ્પોની પ્રીતિ (રુચિ) ત્યાં સુધી એની દૃષ્ટિ ત્યાં હતી. એની દૃષ્ટિ છોડીને ભેદજ્ઞાન થતાં આત્માના સ્વરૂપની

પુદ્ગલ દ્રવ્ય અને આત્માનો સંયોગ અને રચનાકાળ કરે છે. ૮૫૨-૨૦

- 'મિથ્યાત્વાદિ બંધહેતુઓનો અભાવ થાય' એટલે બરની રીતે આત્મબુદ્ધિનો અભાવ થાય. [જેમ] ત્યાગ છોડે, રાગ છોડે તો પણ અનાદિ આત્મબુદ્ધિનો અભાવ છે. રાગ અને ત્યાગ રહ્યા છે પણ અનાદિ આત્મબુદ્ધિ છૂટી ગઈ છે.
- '<u>અધ્યવસાયના અભાવથી રાગદ્વેષ મોહરૂપ ભાવકર્મનો અભાવ થાય છે, ભાવકર્મના અભાવથી દ્રવ્યકર્મ બંધાતા નથી, દ્રવ્યકર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.</u> — એમ <u>પ્રમાણે</u> સંવરનો અનુક્રમ જાણવો.'
- ઉત્તર ગુણસ્થાને [ત્યાગ] ઉપર વૃદ્ધિ (થાય) એટલે આ પ્રમાણે ક્રમ જાણવો.
- જ્યાં સુધી પરદ્રવ્ય ઉપર બુદ્ધિ છે ત્યાં સુધી રાગ અને રાગની આત્મબુદ્ધિ છે અને તે દેહ દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ જાય ત્યારે તેને રાગના ફળની અને સ્વભાવની એકતાની બુદ્ધિનો નાશ થાય છે.

## ગાથા - ૧૯૦ થી ૧૯૨: ઉપસંહાર

(૧) સારું ? મારું ઉતારો

1. આ ગાથાઓમાં સંવર પ્રકાર થવાનો ક્રમ - પહેલાં શું થાય અને પછી શું થાય - એ બતાવ્યું છે.
2. અધ્યાસ અંતરંગ અભિપ્રાય.
3. 'આત્મા અને દેહના એકપણાનો અધ્યાસ' - એનાથી દેહનો અને રાગાદિ પરિણામ થાય છે.
4. આત્મા અને દેહની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ અજ્ઞાન અવિરતિ યોગરૂપ અધ્યવસાનનું કારણ છે.
5. મિથ્યાત્વ અજ્ઞાન અવિરતિ યોગરૂપ અધ્યવસાન એ રાગદ્વેષ મોહરૂપ આસ્રવભાવનું કારણ છે.
6. રાગદ્વેષ મોહરૂપ આસ્રવભાવ એ દ્રવ્યકર્મના આગમનનું કારણ છે.
7. દ્રવ્યાસ્રવથી નોકર્મરૂપ શરીરની પ્રાપ્તિ થાય છે.
8. શરીરની પ્રાપ્તિથી સંસારની ઉત્પત્તિ થાય છે.
9. આખું પરદ્રવ્યનું આલંબન છે એ અંતરનો અંધકાર છે.
10. આત્મા અને દેહના ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.
11. શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે.
12. અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે.
13. આસ્રવના અભાવથી દ્રવ્યકર્મ બંધાતા નથી.
14. દ્રવ્યકર્મના અભાવથી શરીરાદિ નોકર્મ થતાં નથી.
15. નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.

(૨)
1- સ્વક્ષેત્રમાં રહીને અનંત પરદ્રવ્યો અને અનંત પરભાવો એક સમયમાં જાણી લે એટલો ગજબ સૌન્દર્ય સાગર આત્માનો છે.
2- 'જે જાણતો અરહંતને દ્રવ્ય ગુણ પર્યયપણે' - એ નિમિત્તનું કથન છે.
3- જ્ઞાન અને આત્મા વચ્ચે અનન્યભાવરૂપ અન્વય છે.
4. જ્ઞાન અને આત્મા વચ્ચે પૃથકત્વનું અન્વય નથી.
5- જ્ઞાન અને રાગ વચ્ચે [આ સંવર અધિકારમાં] પૃથકત્વનું અન્વય છે.
6 સમકિતીને રાગ અને દ્વેષ રહે છે પરંતુ તેનાથી એકત્વબુદ્ધિ છૂટી જાય છે.
7. દ્રવ્યદૃષ્ટિ થતાં રાગના નિમિત્તની તથા નિમિત્તની એકત્વબુદ્ધિનો નાશ થાય છે.

# કળશ-૧૨૯

ઉત્થાનિકા:- સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કથન કરે છે:—

કળશ: (દોહરા)

ઉપલબ્ધિ શુદ્ધાત્મની ભેદજ્ઞાનથી થાય,
શુદ્ધાત્મની પ્રાપ્તિથી આસ્રવરોધન થાય;
સર્વ પ્રકારે આ રીતે સંવર પ્રગટી જાય,
ભેદજ્ઞાનની ભાવના તેથી યોગ્ય જણાય. ક.૧૨૯.

← Please see Page સંવર-૪૩ for alternate દોહરા

શ્લોકાર્થ: આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે; અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.

ભાવાર્થ: જ્યારે જીવને ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે. માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.

સારાંશ: (પૃ.નં.૨૬૬) (ઉત્થાનિકા:) 'સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કથન કરે છે:-'

- પ્રશ્ન: આત્માનું ધ્યાન કરવું એ પહેલું કારણ નહિ?
  ઉત્તર: પહેલું આત્મા તરફનું વલણ કરવું અને પરની એકતા તોડવી એ ભેદજ્ઞાન [પહેલું છે]. ભલે પહેલું ભેદવિજ્ઞાન વિકલ્પવાળું હોય છે, [પણ] ખરું ભેદજ્ઞાન (તો) પછી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ (આનંદનો) અનુભવ થાય છે એ ભેદજ્ઞાન [છે]. કળશટીકામાં ભેદવિજ્ઞાનના બે પ્રકાર પાડ્યા છે. બુદ્ધિપૂર્વક જ્યાં શુભ રાગ અને દેહ અને આત્માને ભિન્ન કરવાનું છે ત્યાં શુભ વિકલ્પ છે. એ વિકલ્પ રહિત થઈને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય ત્યારે તેને સંવર અને નિર્જરા થાય.
- સંવર થવાના ક્રમમાં [અર્થાત્] ધર્મ થવાના ક્રમમાં [અર્થાત્] મોક્ષનો માર્ગ થવાના ક્રમમાં.
- ૧૭ મી ગાથામાં એમ આવ્યું હતું કે પહેલો આત્માને જાણવો. અહીં એ જ કહ્યું છે કે પહેલામાં પહેલું ભેદવિજ્ઞાન કરવું. પરથી જુદો (કરવો). કારણ કે પરથી એકત્વબુદ્ધિ છે એ જ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. એ રાગના કણ કે રાગના અંશ એની સાથે એકત્વબુદ્ધિ એ જ મિથ્યાત્વ ભાવનો અનંત ભાવ છે. પરની સાથે એકત્વ છે.
- ભલે તો ત્યાં શુભ (કહ્યું કે) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના કારણ છે, [એ] પાંચથી એકત્વબુદ્ધિ તોડવી, પાંચથી ભેદ કરવો એ ભેદજ્ઞાન પ્રથમ કારણ છે.
- પહેલું વિકલ્પથી ભેદજ્ઞાન કરે. ભેદ પાડે, આત્મા ભગવાન અંદર વિકલ્પ આવે. આનાથી જુદો છું, આનાથી જુદો છું, આનાથી જુદો છું. પણ એ બધું તૂટીને રાગની એકતાની બુદ્ધિ પણ તૂટી જાય. રાગની એકતાની બુદ્ધિ તો તૂટે પણ આત્મપ્રદેશનું કંપન, એનાથી પણ અંદર રાગની એકતા તૂટી જાય.
- (શ્લોકાર્થ) - સંવર (અર્થાત્) આસ્રવનો અભાવ અને કર્યું નહિ આવ્યું હતું એ પ્રથમ સાક્ષાત્ સંવર. 'આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે;'

ત્યાં ન શુદ્ધ આત્મતત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે. [સંવર-૪૩

- પ્રથમમાં પ્રથમ સંવરનું મુખ્ય કારણ ભેદવિજ્ઞાન છે એનો અર્થ કે જે આત્મબુદ્ધિ છે તેનાથી ભિન્ન પડવું એ પ્રથમ કારણ છે. જેથી આત્માના અનુભવની પ્રાપ્તિ થાય એને ભેદવિજ્ઞાનથી જ થાય. જેટલો પરથી ભેદ કરીને આત્મામાં આવે એટલો સંવર. આગળ વધી ભેદ કરી ત્યાં એનાથી પછી છૂટો પડે એટલો સંવર. એ જેટલો રહે એટલો આસ્રવ.
- ભેદવિજ્ઞાનથી થાય અને એનાથી ન થાય એનું નામ અનેકાંત છે. ભેદવિજ્ઞાનથી જ મુક્તિ થાય [એ] સમ્યક્ અનેકાંત, નિશ્ચયનય (છે).
- એનું નામ ભેદજ્ઞાન અને દૃષ્ટિની અપેક્ષાએ એનું નામ સમ્યગ્દર્શન, ચારિત્રની અપેક્ષાએ એનું નામ સ્વરૂપાચરણ. કારણ કે જેટલું ધ્યાનમાં આવ્યું તેટલું એટલા બુદ્ધિ પૂરી એટલું ધ્યાનના અનુભવનું પરિણમન પણ થયું.
- એ બધું શુદ્ધ આત્મતત્વ નક્કી ... શુદ્ધ આત્મતત્વ નક્કી સ્વભાવથી અનુભવ થાય છે. ત્યારે, અજ્ઞાન અને રાગ એનો અંશ પણ ત્યાં છૂટી જાય છે. એટલે તો મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને રાગ - એ ચારની આત્મબુદ્ધિ છોડવાનું કહ્યું તો? મિથ્યાત્વ ગયું આત્માના ભેદથી એ બધું સાથે જ છૂટે છે. અવિરતિ જે બાકી રહે (હતી એ) એટલા અંશે નીકળી જાય છે.
- પ્રશ્ન: ભેદવિજ્ઞાન અને આત્મધ્યાન બન્નેથી સંવર થાય?
  ઉત્તર: ભેદવિજ્ઞાન એ જ આત્માનું ધ્યાન છે. રાગથી ભિન્ન પડીને આત્મા નક્કી કરવો છે એ જ ધ્યાન છે. ત્યારે એને એનાથી પરદ્રવ્યો, દૃષ્ટિ તો સ્વભાવ નક્કી આવ્યો એ જ થાય છે.
- 'માટે તો ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.'
- ભેદવિજ્ઞાન જ મુક્તિનું કારણ છે. માટે અંતરમાં એનાથી થવા લાયક છે.
- (ભાવાર્થ:) 'જ્યારે જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જ્યારે આત્માને અને કર્મને સ્વપરપણે ભિન્ન જાણે છે': સ્વપરપણે ભિન્નપણે જાણે છે. એટલું જાણવું નહિ. અંદરમાં સ્વપરપણે ભિન્નપણે જાણે છે; 'ત્યારે તો શુદ્ધ આત્માને અનુભવે છે': ત્યારે તો શુદ્ધ આત્માના આનંદને અનુભવે છે. 'શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે': એનાથી આસ્રવ રોકાય છે 'અને અનુક્રમે સર્વપ્રકારે સંવર થાય છે': એ ભૂમિકાએ અનુક્રમે સંવર થાય છે. આ રીતે નિર્જરા થાય છે. 'માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.'

(હરિગીત)

ઉપલબ્ધિ આત્મતત્વની બસ ભેદજ્ઞાનથી થાય છે,
શુદ્ધાત્મની ઉપલબ્ધિથી સંવર પરસ્પર થાય છે;
તેથી અહો! તે ભેદજ્ઞાન અને ભેદજ્ઞાનની ભાવના,
અત્યંત ભાવવા યોગ્ય છે નિરંતર ભવ્ય ઉપદેશમાં. ક. ૧૨૯

## કસોટી-પત્ર: ઉત્તરવહી

ક્રમાંક-૪૪

(૧) સાચું કે ખોટું (T/F) બતાવો:—

1. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાને અહીં ઈશ્વરનું ગૌણ પ્રધાન કારણ કહ્યું છે.
2. નિદિધ્યાસનને અહીં ઈશ્વરનું પ્રધાન કારણ કહ્યું છે.
3. નિદિધ્યાસનની ઉત્પત્તિ ઈશ્વરની ઉપાસનાદિક હોય છે અને ઈશ્વરની ઉત્પત્તિ શુદ્ધ આત્મતત્ત્વની ઉપાસનાદિક હોય છે – એવો ક્રમ અહીં બતાવ્યો છે.
4. નિદિધ્યાસનમાં શુદ્ધ આત્મતત્ત્વની ઉપાસના હોય છે અને શુદ્ધ આત્મતત્ત્વની ઉપાસનાદિક બરાબર ઈશ્વર હોય છે – એવો ક્રમ અહીં બતાવ્યો છે.
5. આત્મા અને ઈશ્વરને વાસ્તવિકપણે જુદા માન્યા વિના શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી.
6. પહેલું નિદિધ્યાસન સવિકલ્પવાળું હોય છે.
7. જ્યાં સુધી રાગ-દ્વેષ-મોહને બુદ્ધિપૂર્વક ભિન્ન કરાયું છે, ત્યાં સુધી સવિકલ્પ નિદિધ્યાસન છે.
8. નિર્વિકલ્પ નિદિધ્યાસન વખતે જ આનંદનો અનુભવ હોય છે તેના કરતાં સવિકલ્પ નિદિધ્યાસન વખતે આનંદનો અધિક અનુભવ થાય છે.
9. ઈશ્વર અનુભવ દેવ આત્મા કે માયાનો માર્ગ.
10. સમયસાર ગાથા ૧૧ ની ટીકામાં માત્ર આટલું જ કહ્યું છે કે 'પ્રધાનનો આત્માને માનો. એનો અર્થ 'નિદિધ્યાસન એ આત્માને પરથી જુદો માનો' એમ નથી.
11. નિર્વિકલ્પ નિદિધ્યાસન થતાં રાગ અને યોગની અંતર્બુદ્ધિ પૂરી થાય છે.
12. નિદિધ્યાસન અને આત્મધ્યાન એમ બે ભિન્ન ભિન્ન પ્રકારે ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે.
13. નિદિધ્યાસન અને આત્મધ્યાન એ બે જુદી ચીજ નથી, એક જ છે.
14. આત્માના અનુભવની પ્રાપ્તિ ફક્ત નિદિધ્યાસનથી જ થાય છે, અન્યથા નહિ–એમ સ્પષ્ટ અહીંયાં છે.
15. નિદિધ્યાસન જ મુક્તિનું કારણ છે માટે નિદિધ્યાસન અત્યંત આવશ્યક છે.

## કળશ-૧૩૦

ઉત્થાનિકાઃ- હવે, ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છેઃ-

કળશઃ- (હરિગીત)

આ ભેદજ્ઞાન અખંડરૂપે ત્યાં સુધી ભાવવું,
પરથી છૂટીને જ્ઞાન જ્યારે જ્ઞાનમાં જ ઠરી જાય. ક.૧૩૦.

શ્લોકાર્થઃ- આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.

ભાવાર્થઃ- અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું.
- એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય;
- બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય.
- જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવવા કહ્યું.

સારાંશઃ- (ઉત્થાનિકાઃ) પરથી ભિન્ન એવા સ્વભાવની ભાવના ક્યાં સુધી કરવી? પૂર્ણ થાય ત્યાં સુધી.

(પ્ર.નં.૨૬૬) (શ્લોકાર્થઃ-) 'આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.':
- ઘડીકમાં પરથી જુદો અને વળી ઘડીકમાં પરથી એકત્વ એમ નહિ.
- એકવાર [ભેદવિજ્ઞાન] કર્યું એટલે પછી થઈ રહ્યું એમ નહિ પરંતુ પછી પણ છેક સુધી સ્વરૂપનું ઘોલન રહ્યા જ કરે, સ્વરૂપ તરફની દશાનો પુરુષાર્થ રહ્યા જ કરે, એ ભેદવિજ્ઞાન છે. પ્રશ્નઃ બારમા ગુણસ્થાન સુધી. ઉત્તરઃ બારમું-બારમું કાંઈ નહિ. અહીં ગુણસ્થાન લેવા જ નહિ. ગુણસ્થાન જાણવાં છે જ નહિ. અહીં તો રાગથી [અને] પરથી ભિન્ન કરીને પોતામાં સંપૂર્ણ થાય ત્યાં સુધી ભાવવું. ચૌદ ગુણસ્થાન એ પરાશ્રિત [ભેદ] બુદ્ધિ છે.
- 'પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ' - જ્ઞાન એટલે આત્મા. આત્મા આત્મામાં જ ઠરી જાય ત્યાં સુધી પરથી જુદો પાડવો. ચારિત્રની યથાખ્યાતચારિત્ર દશા ભેદવિજ્ઞાનથી (થાય) ત્યાં સુધી ભાવવું.
- (ભાવાર્થઃ) 'અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. [૧] એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય. અને [૨] જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય.' પહેલું સમ્યગ્દર્શનની અપેક્ષાએ ઠરી ગયું કહેવાય. પછી શુદ્ધિ ઉપયોગ પૂર્ણ નહોતો થયો. કાંઈ બાકી હતો. [પછી] જ્ઞાનમાં ઠરે છે કે પૂર્ણ જ્યાં સુધી ન થાય - જ્ઞાન જ્ઞાનમાં નહિ ઠરી જાય - ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. એ અસ્થિરતાથી છૂટીને સ્થિર થયું એ બીજા પ્રકારનું ભેદજ્ઞાન [છે]. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન કરવું.
- 'જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવા કહ્યું.'

સાધક તો રાગથી ને વિકલ્પથી જુદો પડ્યો છે જુદો પડ્યો એ તો પછી કાંઈ ભેદજ્ઞાન કરવું પડતું નથી, પણ પુરુષાર્થનું વલણ એ બાજુ રહ્યાં જ કરે અને ઉગ્ર પુરુષાર્થ કરે એવું જ્ઞાન ઉગ્ર(રૂપે) ઠરી જાય એમ કહેવાય છે. તે ચારિત્ર થઈને સ્વરૂપમાં ઠર્યું છે.

## કળશ-૧૩૦: ઉદ્ગાર



### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. એક વખત જેને ભેદજ્ઞાન થઈ ગયું, પછી તેને ભેદજ્ઞાન માટે વધુ પુરુષાર્થ કરવાનો રહેતો નથી.
2. અહીં જ્ઞાનમાં જ્ઞાનને કરવાના બે પ્રકાર કહ્યાં છે.
3. જ્ઞાનમાં જ્ઞાનને કરવાનો પહેલો પ્રકાર નિશ્ચયના અભિપ્રાયપણે આત્માપણાની અપેક્ષાએ કહ્યો છે.
4. જ્ઞાનમાં જ્ઞાનને કરવાનો બીજો પ્રકાર અભિપ્રાયપણે રમતા શુદ્ધિપર્યાયોની અપેક્ષાએ કહ્યો છે.
5. પરલક્ષ છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય અર્થાત્ જ્ઞાન પોતાના આત્મામાં (પોતાના સ્વરૂપમાં) જ ઠરી જાય.
6. સ્વભાવરૂપ ચારિત્ર ભાવલિંગ કરવાનો પ્રકાર છે.
7. પહેલા પ્રકારનું ભેદજ્ઞાન બીજા પ્રકારના ભેદજ્ઞાનથી ઊંચું છે.
8. પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવા આત્માનો જ્યાં સુધી પૂર્ણતા ન પ્રાપ્ત થાય ત્યાં સુધી ભેદ કરવો એજ આ કળશનો સાર છે.

## કળશ-૧૩૧

(ટેપ ૨-૭૭)

**ઉત્થાનિકા:-** હવે ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે:-

**કળશ:-** (અનુષ્ટુપ)

જે કોઈ સિદ્ધ થયા, થયા તે ભેદજ્ઞાન-પ્રભાવથી,
જે કોઈ બંધ્યા, બંધ્યા તે ભેદજ્ઞાન-અભાવથી. ૧૩૧.

**શ્લોકાર્થ:-** જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.

**ભાવાર્થ:-** અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે-સંસારમાં રખડ્યા જ કરે છે; જે જીવ ભેદવિજ્ઞાન પામે છે તે કર્મથી છૂટે જ છે-મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું-સંસારનું-મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.

- અહીં આમ પણ જાણવું કે-વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાંતીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો; કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ-બે વસ્તુઓ જ-માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું? જો જીવ અને અજીવ-બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.

**સારાંશ:-** (પ્રવચન) અનંત કાળ જે કોઈ સિદ્ધ થયા એ બધા વિકલ્પથી ભિન્ન પડીને, રાગનો અનુભવ છોડીને, સ્વભાવનો અનુભવ કરીને સિદ્ધ થયા. ભેદવિજ્ઞાનથી સમકિત પામ્યા,
(પ્ર.નં.૨૬૭) ભેદવિજ્ઞાનથી ચારિત્ર પામ્યા, ભેદવિજ્ઞાનથી કેવળ પામ્યા, ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. અનંતકાળમાં આ એક જ માર્ગ (છે), બીજો માર્ગ જ નથી. એક જ પ્રકાર-નંબર છે, બીજો નંબર નથી.

- શુદ્ધસ્વમહિમ્ને ત્રિકાળી ભગવાન આત્માના આશ્રયથી જ મુક્તિ પામ્યા છે. બીજી વાતની એક વાત છે.
- રાગના ભેદજ્ઞાનનો અભાવ અને રાગની એકત્વબુદ્ધિ-એ બંધનું કારણ છે. નિમિત્ત તરફનું વલણ છે એ રાગ છે. એ રાગથી ભિન્ન પડ્યા વિના બંધાયા છે.
- (ભાવાર્થ) 'અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી..'!
- નિગોદના જીવ અનંત કાળ રહ્યા અને હજી કદાચ ત્રસ પામ્યા નથી અને ત્રસ પામશે નહિ, એને કર્મનું જોર છે માટે (એમ) છે, એમ નથી. ભેદજ્ઞાનનો અભાવ અને રાગની એકત્વબુદ્ધિ પડી છે, એનાથી નિગોદમાં રહ્યાં છે. નિગોદના જીવને શુભાશુભ ભાવ બંને હોય છે. તે શુભભાવને પોતાના માનીને બંધાય છે, કર્મને લઈને નહિ. [તેઓ] ભેદજ્ઞાન કરી શકતા નથી એનો અર્થ કે ભેદજ્ઞાનમાં અભેદપણું માને છે માટે અંદર ભેદ કરી શકતા નથી. રાગને અભેદપણે માને છે, માટે નિગોદ છે, કર્મે નથી.
- નિગોદના જીવને [રાગથી] જુદા પડવાની શક્તિ નથી એનો અર્થ કે એકત્વપણાની માન્યતા છે. એ અશક્ત છે. એમ કહ્યું, દયાના પરિણામ એને નથી પરંતુ કષાયની મંદતાનો શુભ ભાવ નિગોદને હોય છે. એ રાગના અંશને પોતાનો માને છે એ તો ત્યાં કરે છે. એનાથી અસંખ્યપણામાં ન આવતા બંધમાં પડ્યા છે, એમ કહ્યું.

• વિચારમાં તે ધ્યાનમાં છે તેવું રાગની અતિબુદ્ધિક ભાષામાં છે અને તેના વિચાર મુક્ત ધ્યાનાવસ્થા, અહંકાર મુક્તમુક્ત પછી પણ રાગની અતિબુદ્ધિક ભૂમિકાઓ છે.

• ભાષાના દુઃખ ફરતાં વિચારનું દુઃખ અનેકગણું છે પરંતુ દુઃખની ભાવના ફેરવાય ફર તો અંત ન આવે. ભાષાની હોળી રચાની ઉત્પત્તિ છે, તે દુઃખ છે.

• જે રાગનો ઉદયો વારંવાર ફરતા હોય એ અભિવ્યક્તિ રાગોપયોગ નથી. રાગથી દેખા પછી અંતરો જે ઉદયો (હોય) એ અભિવ્યક્તિ રાગોપયોગ છે. ભાષાના રાગ છે અને જ્યાં ભાન ઊભું નથી એ અભિવ્યક્તિ રાગઉપયોગ છે, એ ફરીથી આવ્યું?

• અહીંયા તો ફરતો અનુભવ અને રસ લેતો ટકીને રાગ મિટતો છે માટે તે રસવાળો છે અજ્ઞેય ફર્યું નથી. અને ફરતા રસની માટે સ્થિતિ થઈ માટે દૂરવાને પણ અજ્ઞાત અજ્ઞેય ફર્યું નથી. વિચારમાં પણ ભાષાના ઉપસ્થાપનાને તો મુક્તસ્વરૂપ જ છે.

• રાગરસમાં રસરૂપતા જ ફરે છે! અહીં તો એવા ભાવ નિવૃત્તિ ભાવનો વચનવિષય નથી. માટે ફરીથી ફરું, વિચારે તો પછી, એ નવરાશેય ન મળે. અંતરમાં રાગનો નાનામાં નાનો ફેર, એનાથી પણ નિવૃત્તિ વિચારે અનાયાસરૂપ ફર્યું છે. ત્યારે તેને મુક્તિનો માર્ગ હાથમાં આવ્યો છે. અહાહા! મુક્તિના નાનો છે (પણ) ભાવ ઘણા ગંભીર છે.

• 'જેના વડે ભેદવિજ્ઞાન થાય છે તે ફરીથી છૂટે જ છે – મોક્ષ પામે જ છે': જેના વડે રાગના અંશથી પણ ભાષાના ભિન્ન છે, તેના વિચારો મુક્ત અવસ્થા, સ્વરૂપ છે, એવું જેને ભાન થાય છે તે ફરીથી છૂટે જ છે, મોક્ષ પામે જ છે.

• 'માટે ફરીથીનું – સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ ફરણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના ફરી સિદ્ધિ મળતી હતું નથી.'

- પ્રથમ ફરણ એટલે મૂળ ફરણ.

• રખડવામાં પણ ભારે અધિકાર છે – ભેદવિજ્ઞાનનો અભાવ અને છૂટવામાં ભારે અધિકાર છે – ભેદવિજ્ઞાનનો સદ્ભાવ.

• પુનઃ ક્રિયાકાંડી રાગ કાંઈ થાય એવું તો આવે છે.

ફરઃ એ તો નિમિત્તનું રાગ ફરાવ્યું છે. પુરુષાર્થમાં આવે છે. એ તો આવ્યું હતું એવું રાગ (ફરાવ્યું), એનાથી થાય છે એમ બિલકુલ નહિ. જેનાથી ભિન્ન પડ્યું છે એનાથી મુક્તિનો માર્ગ ક્યાં?

• અહીં એમ પણ જાણ્યું ફ– વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો અને વેદાંતીઓ ફ જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો; કારણ ફ સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ – બે વસ્તુઓ જ – માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું? જો જીવ અને અજીવ – બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે...'; બૌદ્ધ ક્ષણિક વિજ્ઞાન જ માનનારા (છે). ક્ષણિક વિજ્ઞાન જાણનાર છે, બીજું કાંઈ નહિ એમ માને છે. વેદાંતીઓ એક જ

ચૈતન્યવાન આત્મા છે એમ માને [છે]. આત્મા અને આત્માનો અનુભવ એવું દ્વૈતપણું પણ એમાં નહિ.

- નૈયાયિકમાં બે ભાગ આવે. એક રાગ અને એક આત્મા અથવા એક જાણનાર અને એક ખોટો આત્મા. બે છે તો એમાં ભેદ પડાય, પરંતુ એક જ છે એમાં ભેદ પાડવાનું શું રહ્યું?
- આત્મા ગુણસ્વરૂપ જ છે, [ભિન્ન] ભેદ જ નથી એવું માનનારા વેદાંતીઓ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. એક જ વસ્તુ છે, એમાં બે નો આભાસ નથી.
- [વસ્તુનું સ્વરૂપ] ત્રિકાળ અદ્વૈત છે. અનેકાંત માને ગુણ-પર્યાય અનાદિ છે અને અપેક્ષાએ ત્રિકાળ અનાદિ છે.
- ત્યારે <u>સ્યાદ્વાદી એને જ અદ્વૈત નિર્બાધપણે સિદ્ધ થાય છે</u>! અનંત ગુણ અને
- પર્યાયની અપેક્ષાએ આત્મા દ્વૈત પણ છે. અભેદની અપેક્ષાએ અદ્વૈત પણ છે.
- સ્યાદ્વાદીનો અર્થ એવો નથી કે નિત્યેક પણ હોય અને ક્ષણિક પણ હોય, વ્યવહારિક પણ હોય (અને) નિશ્ચયિક પણ હોય - એ સ્યાદ્વાદ નથી. વસ્તુનો સ્વભાવ છે એને બે અપેક્ષાએ કહેવું એનું નામ સ્યાદ્વાદ. વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય અનાદિ છે તેમાં ગુણ-પર્યાયને ભેદ કહેવો એ વ્યવહાર છે અને ગુણ-પર્યાયના ભેદ ન પાડતાં એકલો અભેદ કહેવો એ નિશ્ચય છે. પરંતુ એનામાં બે એક સાથે અનેકાંતપણું આવે, એમાં ન હોય અને અનેકાંતપણું આવે એમ બને નહિ.
- અનેકપણું પણ છે, અનંતપણું પણ છે - એમ સ્યાદ્વાદથી સિદ્ધ થાય છે. દ્રવ્યનયથી વસ્તુ એક છે અને ગુણ તથા પર્યાયની અપેક્ષાએ અનંત છે - એમ બેય રીતે સિદ્ધ થઈ શકે છે. એમાં પણ અનંતપણાનો આશ્રય છોડીને એકપણાનો આશ્રય કરવો એ જ મુક્તિનું કારણ છે. અનંત અને એક ન હોય તો અનંતને છોડીને એકનો આશ્રય એ રહેતું નથી.

## : ચિત્ર-૧૩૧ : ઉપસંહાર

અંક-૫૦

### ① સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આ ચિત્રમાં ભેદવિજ્ઞાનનો મહિમા જણાવ્યો છે.
2. સમકિતની, ચારિત્રની, કેવળજ્ઞાનની અને સિદ્ધદશાની પ્રાપ્તિ ભેદવિજ્ઞાન વિના થઈ શકતી નથી
3. ભેદવિજ્ઞાન તો સંસારી જીવ વડે જ થઈ શકે છે.
4. સિદ્ધદશાની પ્રાપ્તિ માટે જીવે અનાદિ કર્મ અને આત્મામાં ભેદવિજ્ઞાન કરવાનું કહ્યું છે.
5. વેદાંત દર્શન અદ્વૈતનો અનુભવ કરી શકતા નથી.
6. 'જ્ઞાયકનો આશ્રય કરો' અને 'રાગ સાથેની એકત્વબુદ્ધિ તોડો' - ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરવાની આ બે જુદી જુદી પદ્ધતિઓ છે.
7. જ્ઞાયકના ભવને માત્ર અશુભભાવ જ હોય છે.
8. જ્ઞાયકના ભવને બુદ્ધિ જ હોતી નથી તેથી તેને રાગ શું છે એની ખબર હોતી નથી; માટે તેને રાગ સાથે એકત્વબુદ્ધિ થઈ શકતી નથી.
9. જ્ઞાયકના ભવને અશુભ તેમજ કષાયની મંદતાનો ભાવ- શુભભાવ- એ બન્ને હોય છે.
10. રાગની એકત્વબુદ્ધિની અપેક્ષાએ જ્ઞાયકના ભવનમાં, દ્રવ્યલિંગી સાધુમાં અને મારામાં કાંઈ તફાવત નથી.
11. જ્ઞાયકના ભવ કરતાં નારકીના ભવને અનંતગણું દુઃખ હોય છે.
12. આત્મા વિશ્વમાં એક સર્વવ્યાપક આત્મા છે - એમ બૌદ્ધ દર્શન માને છે.
13. આત્મા મુક્તસ્વરૂપ જ છે, એને બંધ જ નથી - એમ વેદાંતીઓ માને છે.
14. આત્મા દ્રવ્યની અપેક્ષાએ અદ્વૈત છે અને પર્યાયની અપેક્ષાએ દ્વૈત છે - એ સ્યાદ્વાદ છે.
15. અનંત પદાર્થોનો આશ્રય છોડીને એક પદાર્થનો આશ્રય કરવો એ જ મુક્તિનું કારણ છે.

ઉત્થાનિકા:- હવે, સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે:—

કળશ:- (દોહરા)

ભેદજ્ઞાન અભ્યાસથી આત્મતત્ત્વ પમાય,
તત્ત્વતણી પ્રાપ્તિ થતાં રાગ નાશો ઝટ થાય;
રાગગ્રામના વિલયથી સંવર પૂરો થાય,
જ્ઞાને નિયત જ્ઞાનનો તેજ ઉદય કરાય;
જ્ઞાનજ્યોત નિર્મળ અહો! એક અને અમ્લાન,
ધારે જે સંતોષને, સદા રહે અવિનાશી. ક.૧૩૨.

ભાવાર્થ:- ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી રાગના સમૂહનો વિલય થયો, રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું—કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે, જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી), જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું-નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે), જે એક છે (અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી) અને જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે).

ટીકા:- આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ:- રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.

ભેદવિજ્ઞાન કલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,
રાગ-દ્વેષ-વિમોહ સબહી ગળિ જાય ઇમૈં દુઠ કર્મ રુકાહી;
ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહીં,
યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.

સારાંશ:- (ગુ.ટી.૨૫૯)

(1.) ભેદજ્ઞાન પ્રગટ કરવાનો અભ્યાસ
↓
(2.) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ
↓
(3.) રાગના સમૂહનો વિલય
↓
(4) કર્મનો સંવર
↓
(5.) જ્ઞાનમાં નિશ્ચળ થયેલા એવા જ્ઞાનનો ઉદય
↓
કે જે જ્ઞાન પરમ સંતોષ [અતીન્દ્રિય આનંદ]ને ધારણ કરે છે, જેનો પ્રકાશ [રાગાદિ રહિત] નિર્મળ છે, જે અમ્લાન છે [સર્વ લોકાલોકને જાણે છે], એક છે [જેમાં ક્ષયોપશમના ભેદ નથી], અને જેનો ઉદ્યોત શાશ્વત [અવિનશ્વર] છે.

---

૧. અમ્લાન = ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું-નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે. (સમયસાર-ગુજરાતી પાનું ૩૦૧)

• (ઉત્થાનિકા:) 'હવે સંવર અધિકાર પૂર્ણ થતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે:' રાગાદિ ભિન્ન પડીને આત્માનું જ્ઞાન પ્રકટતા થયું. સ્વભાવમાં પૂર્ણ હતું, પર્યાયમાં સંકોચ હતો એ રાગાદિ ભિન્ન પડીને એ જ જ્ઞાન પર્યાયમાં પરિપૂર્ણ થયું. એવા જ્ઞાનનો મહિમા કહે છે.

(શ્લોકાર્થ:) 'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ': રાગ અને પરથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી ભગવાન પૂર્ણ શુદ્ધ છે એવી પર્યાયમાં એની પ્રાપ્તિ થાય છે. 'શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિથી રાગના સમૂહનો વિલય થયો': જ્ઞાન એટલે સમૂહ. મિથ્યાત્વના સમૂહનો વિલય થયો. 'રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો': ક્રમ તૂટ્યો. જેમ એનો રખડવાનો ક્રમ હતો (કે) અજ્ઞાનથી કર્મ થાય, કર્મથી નોકર્મ થાય એને નોકર્મથી સંસાર. હવે જુગાર માંડીને આખી વાત મૂકી. કર્મનો સંવર થયો એટલે રાગ-દ્વેષ થયા નહિ. રાગદ્વેષ થયા નહિ એટલે આસ્રવ બંધ થઈ ગયો.

• 'અને કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું જ્ઞાન ઉદય પામ્યું': રાગાદિ ભિન્ન પડતાં, સંવર થતાં, રાગમાં અટકીને જ્ઞાનની હીનતા હતી એ રાગથી છૂટીને જ્ઞાનની અધિકતા થઈ ગઈ. શક્તિમાંથી પૂર્ણની પૂર્ણ વ્યક્તતા થઈ.

• 'તે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે': પર્યાયમાં જ્ઞાન પ્રગટ થતાં આનંદ પણ સાથે આવ્યો. અહીં કેટલો ઝરવાનો કરે છે. જ્ઞાન શબ્દે આખો સ્વભાવ, પૂર્ણ સ્વભાવ. 'જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી)': પૂર્ણ સ્વભાવ જે પ્રગટ્યો એ નિર્મળ છે. 'જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું-નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે)': પહેલાં જે થોડું મલિન ક્ષાયોપશમિક જ્ઞાન હતું એ તો કરમાયેલું હતું, કરમાઈ ગયેલું હતું. એ તો વિકારથી ઢાંકી નાખ્યું: કરમાયેલું જ્ઞાન એમાં રહ્યું જ નહિ. અહાહા! ભેદજ્ઞાનથી આ ફળ આવે છે, એમ કહે છે. જે જ્ઞાન (ઓછું) ભેદ હતું તે જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં જ્ઞાન પ્રગટ્યું, સાથે સાથે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો. સંતોષ આવ્યો, હવે કાંઈ ઈચ્છા માત્ર રહી નહિ.

'જે એક છે (અર્થાત્ ક્ષાયોપશમિક ભેદ હતા તે હવે નથી)': આગળ મતિ ને શ્રુત ને અવધિ એવા ભેદ એમાં હતા એ ભેદ રહ્યા ગયા. એક જ્ઞાન, એકલું કેવળજ્ઞાન (પ્રગટ થયું). ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા કરતા જ્ઞાન એકલું પૂર્ણ રહી ગયું.

• 'અને જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે)': એટલે પ્રગટ્યું તે પ્રગટ્યું. અનંતકાળ એમ ને એમ રહેશે. ક્ષાયોપશમિક જ્ઞાન તો પડી પણ જાય. આ તો ક્ષાયિક જ્ઞાન થઈ ગયું. અવિનશ્વર જ્ઞાન.

(ટીકા:) 'આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.': સંવર થયો અને પૂર્ણ દશા થઈ ગઈ એટલે સંવર રહ્યો નહિ. રાગાદિ ભિન્ન પડીને સંવર થયો અને આગળ પૂર્ણ દશા થઈ એટલે હવે સંવર રહ્યો નહિ, સંવર નીકળી ગયો, એકલું કેવળજ્ઞાન થયું.

પૃ.નં.૨૬૮) • 'ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી..': અનાદિથી જે રાગ અને પુણ્ય-પાપના ભાવ સાથે એકત્વબુદ્ધિ - કર્તૃત્વબુદ્ધિ હતી, ઇ જેણે ભેદજ્ઞાનના અભ્યાસથી તોડી. એ રાગ હું નહિ, હું તો ચૈતન્યસ્વરૂપ છું (એમ ભિન્ન કરી). રાગનો નાનામાં નાનો કણ પણ હો એનાથી મારી ચીજ અંદર ભિન્ન છે. એ રાગ ક્ષણિક, કૃત્રિમ અને દુઃખરૂપ છે, જ્યારે હું નિત્ય, નિરુ

અને આનંદરૂપ છું. એવું બે વસ્તુ જુદા પાડવાનો ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી.

- આત્મા અંદર તો છે? અને આ રાગની પરિણતિની ક્રિયા – જે રાગ ઊઠે થાય છે એ તો છે? જે વસ્તુનું જ્ઞાન નથી એ દુઃખ અને નિરાકુળ છે.
- 'કલનાત્' અર્થાત્ એના અનુભવથી. અંતરમાં રાગાદિ ભિન્ન પાડવાના અભ્યાસ(થી). ઉચ્છલન (અર્થાત્) પ્રગટ કર્યું.
- 'શુદ્ધતત્ત્વોપલમ્ભાત્ - શુદ્ધતત્ત્વની પ્રાપ્તિ થઈ!' ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શું થયું? કે શુદ્ધતત્ત્વનો અનુભવ થયો.
- રાગાદિ ભિન્ન પાડવાનો અભ્યાસ તો કર. પર તરફની દશા (થાય છે) – રાગની, પુણ્યની, દેહની અને કેવળને પોતા તરફ વાળવી કે એવું નહિ. એનો અભ્યાસ કરતાં તને આત્માની પ્રાપ્તિ થશે એમ કહે છે.
- આત્મા સિવાયની બહારની ચીજોમાં ક્યાંય પણ તને વિશેષતા, અધિકતા, વિસ્મયતા લાગે એ બધો દુઃખભાવ, મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી (અર્થાત્ કે) એ હું નહિ, હું તો ચૈતન્યસ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરે છે.
- 'રાગગ્રામપ્રલયકરણાત્ - રાગના સમૂહનો વિલય કરવાથી..': રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એ બધો રાગનો સમૂહ છે, રાગનો ટોળો છે એનો પ્રલય નાશ કરવાથી.
- 'કર્મણાં સંવરેણ – કર્મનો સંવર થતો'! : રાગનો સમૂહ જ્યાં અટક્યો અર્થાત્ કર્મ આવતા અટક્યા અને એની સંવર દશા – સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનો અનુભવ થયો અર્થાત્ રાગાદિ જે કર્મ આવતું એ અટકી ગયું.
- 'અને કર્મનો સંવર થવાથી જ્ઞાને નિયતમ્ એતત્ જ્ઞાનં ઉદિતં – જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન..' જ્ઞાન અર્થાત્ આત્મા, એમાં એકાગ્ર થવાથી જ્ઞાતા-દૃષ્ટાપણાની દશા પ્રગટ થઈ. એનું નામ ધર્મ. જે રાગમાં નિશ્ચળ થયેલું અજ્ઞાન હતું એ રાગને જ્ઞાનમાં જ્ઞાન નિશ્ચળ [થયું]. 'આ જ્ઞાન ઉદય પામ્યું' (અર્થાત્) સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું. હું ચૈતન્યમૂર્તિ છું, જ્ઞાતા-દૃષ્ટા છું એવું સમ્યગ્દર્શનમાં પ્રગટ થયું. રાગના સમૂહથી ખસી ગયું અને જ્ઞાનના, આનંદના સમૂહમાં ઠરી ગયું.
- સંવર [અધિકાર]નો છેલ્લો શ્લોક છે ને? એમાં જ્ઞાનની મહિમા કરે છે.
- 'બિભ્રત્ પરમમ્ તોષં' કેવું જ્ઞાન ઉદય પામ્યું? 'કે જે જ્ઞાન પરમ સંતોષને (પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે...' : જે અનાદિથી રાગ અને પુણ્યને ધારણ કરીને મારા માનીને મિથ્યાત્વમાં પડ્યા હતા એ ભેદજ્ઞાન કરીને અતીન્દ્રિય આનંદને ધારણ કરીને ત્યાં પડ્યા છે હવે. એનું નામ સંવર અને નિર્જરા છે.
- 'અમલ-આલોકમ્ – જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકના નિમિત્તના હતી તે હવે નથી)'.. ભગવાન આત્મા રાગાદિ ભિન્ન પડીને આત્માનો અનુભવ કરે એ અનુભવ નિર્મળ છે. એમાં રાગ અને દ્વેષનો ડાઘ, મળ, મેલ નથી.

નિર્મળ–

- 'અમ્લાનમ્ – જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાતું નથી, સર્વ લોકાલોકને જાણનારું છે),..' ક્ષાયોપશમિક જ્ઞાન છે એ તો કરમાઈ જાય છે (છે). ઘડીકમાં રહે અને ઘડીકમાં ખંડિત રહે. આ જ્ઞાન કરમાતું નથી, અખંડનું જ્ઞાન છે, એ પહેલી, ચડતી ડિગ્રીઓ છે. એ જ્ઞાન પ્રગટ્યું તે પ્રગટ્યું (હવે) એ જ્ઞાન કેવળજ્ઞાન લેવાનું. ભવ ઉગતાં એ પૂર્ણ

ધ્યાની, જ્ઞાની અને જ્ઞાની.
- ભેદજ્ઞાન થયું, નિર્મળ જ્ઞાન થયું અને સ્થિર થતાં થતાં કેવળજ્ઞાન થઈ ગયું:

એટલે સંવરના છેલ્લા સરવાળા જેવા છે?
- અચળ છે (અર્થાત્ કેવળજ્ઞાનથી ભેદ હવે તો કદી નહિ): અતુલ છે, અનંતરૂપ છે, એમાં ભેદ નહિ. કેવળજ્ઞાનથી ભેદ હવે એ નહિ.
- શાશ્વત-ઉદ્યોત-અને જેનો ઉદ્યોત શાશ્વત (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે).

શું માંગળિક કર્યું છે ને! આત્મામાં જે આત્મા શાશ્વત છે તેને એવું જાણીને ભિન્ન પડીને આ જ્ઞાન થયું એ જ્ઞાન વધીને કેવળજ્ઞાન થયું, એ શાશ્વત રહેશે. એ કેવળજ્ઞાન થયું એ થયું, આમ ને આમ અનંતકાળ રહેશે.
- બહારના દૃશ્ય તને કોણ આપે છે? બહારની રંગભૂમિમાં ગાયા કરતાં આવિર્ભાવ, શરીર-માંયું કેમ નાચે છે?

ટીકા:- આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો. અત્યારે સંવર પૂરો થઈ ગયો ને કેવળજ્ઞાન થઈ ગયું. હવે સંવર ક્યાં રહ્યો ભાઈ. સંવર નીકળી ગયો-

(ભાવાર્થ:-) રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને યથાર્થ જાણી (લીધો તેથી તે) નૃત્ય કરી બહાર નીકળી ગયો. અત્યારે સંવર પૂરો થઈ ગયો. કેવળજ્ઞાન થઈ ગયું.

(નાટક સમયસારનું અંતિમ મંગળ:)

भेदविज्ञानकला प्रगटै तब शुद्धस्वभाव लहै अपना ही,
राग-द्वेष-विमोह सबही गलि जाय इमैं दुठ कर्म रुकाहीं;
उज्ज्वल ज्ञान प्रकाश करै बहु तोष धरै परमातममाहीं,
यों मुनिराज भली विधि धारत केवल पाय सुखी शिव जाहीं।

- આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.
- જે અનાદિથી રાગ અને વિકારની પ્રસિદ્ધિ હતી તેનો નાશ કરીને આત્માની પ્રસિદ્ધિ થાય છે. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગમૂર્તિ પ્રભુ છે એની પ્રસિદ્ધિ થાય છે. એનું નામ ધર્મ કહેવાય છે.

## કળશ-૧૩૨ : ઉપસંહાર | સંવર-પદ

(1) આ કળશમાં આપેલા ક્રમ મુજબ નીચે આપેલા જવાબો માંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો :—

ભેદજ્ઞાન ઉછળવાનો અભ્યાસ

↓

1. ____________

↓

રાગના સમૂહનો વિલય

↓

2. ____________

↓

જ્ઞાનમાં નિશ્ચળ થયેલું જ્ઞાન.

જવાબ: (A) સંવરની પૂર્ણતા
(B) કર્મોનો સંવર
(C) વિજ્ઞાનની પ્રાપ્તિ
(D) શુદ્ધ તત્વની ઉપલબ્ધિ

(2) સાચું કે ખોટું (T/F) જણાવો :—

1. સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનનો મહિમા આ કળશમાં કરવામાં આવ્યો છે.
2. 'જ્ઞાન પરમ સંતોષને ધારણ કરે છે' અર્થાત્ જ્ઞાન હવે મર્યાદિત સંતોષ જ માણે છે.
3. ઉપરના કળશમાં 'સંતોષ ધારણ કરે છે' તેનો અર્થ 'હવે કોઈ ઇચ્છા બાકી રહી નથી' અથવા 'અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય છે' — એમ થાય છે.
4. સંવર થવાથી પ્રગટતા જ્ઞાનનો પ્રકાશ નિર્મળ છે અર્થાત્ તેમાં રાગાદિ મલિનતા નથી.
5. [પૂર્ણ] સંવર થવાથી જે જ્ઞાન થયું તેને 'અમ્લાન' કહીને વિજ્ઞાન છે એમ કહ્યું છે.
6. [પૂર્ણ] સંવર થવાથી પ્રગટેલું વિજ્ઞાન 'એક' છે કારણ કે તેમાં ક્ષયોપશમ જ્ઞાનના ભેદ નથી, ગુણ આદિ ભેદો નથી.
7. જો આત્માએ સંવરને ભજવાનો અંત ત્યાં કર્યો તો પછી તે પ્રકાર ફરી ઉત્પન્ન થશે.
8. સંવર અધિકારના સમાપનનો આ કળશ છે.
9. 'રાગના સમૂહનો વિલય કરો' અર્થાત્ રાગદ્વેષાદિ વિભાવોનો વિલય કરો.
10. રાગાદિ દૂર થતાં જ્ઞાનની હીનતા રહી જાય છે એટલે જ્ઞાનની શક્તિની પૂર્ણ વ્યક્તતા થાય છે.
11. 'જ્ઞાન પરમ સંતોષને ધારણ કરે છે' આ કળશમાં 'જ્ઞાન'નો અર્થ 'વર્તમાન જ્ઞાનની પર્યાય' થાય છે.
12. ઉપરના કળશમાં 'જ્ઞાન'નો અર્થ 'પૂર્ણ આત્મા' થાય છે.
13. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ—નવ તત્વના આ પ્રસિદ્ધ ક્રમ મુજબ આ સંવર અધિકાર બંધ અધિકાર પછી આવવો હોવો જોઈએ.